# આત્મધર્મ

માસિક : વર્ષ-૯ * અંક-૯ * મે, ૨૦૧૫



ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ ભર્યો પડ્યો છે. જેવો સિદ્ધને પ્રગટ આનંદ છે તેવો જ આનંદ દરેક જીવમાં શક્તિરૂપે રહેલો છે. એવા અતીન્દ્રિય આનંદની પ્રથમ તો શ્રદ્ધા અને જ્ઞાન કરે છે પછી તેમાં ઠરે છે ત્યારે તે પરમ અતીન્દ્રિય આનંદથી તૃપ્ત તૃપ્ત થઈ જાય છે એવી દશાને ભગવાન ચારિત્ર કહે છે. આવું ચારિત્ર જ મુક્તિનું કારણ થાય છે. —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✻ જેમ દુર્જન પ્રત્યે કરેલા ઉપકાર નકામા જાય છે તેમ હે જીવ! તું આ શરીરને નવરાવીને તેલ મર્દન કર અને તેને સુમિષ્ટ આહાર દે—તે બધુંય નિરર્થક જવાનું છે અર્થાત્ આ શરીર તારા ઉપર કંઈ ઉપકાર કરવાનું નથી માટે તું એની મમતા છોડ. ૧૪૭૭. *(મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૧૮)*

✻ જેમાં (—જે ખાડામાં) સંતાઈ રહેલા ક્રોધાદિ ભયંકર સર્પો દેખી શકાતા નથી એવા જે મિથ્યાત્વરૂપી ઘોર અંધકારવાળો માયારૂપી મહાન ખાડો તેનાથી ડરતાં રહેવું યોગ્ય છે. ૧૪૭૮. *(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૨૧)*

✻ આ જ્ઞાનરૂપી ધન એવું વિલક્ષણ છે કે જેને ચોર તો ચોરી શકતા નથી, ભાઈ-બંધુ ભાગ પડાવી શકતા નથી, મરણ પછી પુત્ર આદિ લઈ શકતા નથી, રાજા છીનવી શકતો નથી અને બીજા લોકો આંખો વડે દેખી શકતા નથી. ત્રણ લોકમાં આ જ્ઞાન પૂજ્ય છે. આ જ્ઞાનધન જેની પાસે હોય તે લોકોને ધન્ય સમજવામાં આવે છે. ૧૪૭૯. *(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૧૮૬)*

✻ બુદ્ધિમાન લોગ અપને ઇચ્છારૂપી રોગોંકા શમન કરતે હૈં, ઉનસે હટાકર અપની આત્માકો આત્મસ્વરૂપકી ઓર લગાતે હૈં, વહ હી પરમ તત્ત્વ હૈ. યહ બાત બ્રહ્મજ્ઞાની સંતોંને કહી હૈ. ૧૪૮૦. *(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, ગાથા-૮૩)*

✻ (હે જિનેન્દ્ર!) દૈવયોગે, હું સ્વર્ગમાં હોઉં, આ મનુષ્યલોકમાં હોઉં, વિદ્યાધરના સ્થાનમાં હોઉં, જ્યોતિષ્કદેવોના લોકમાં હોઉં, નાગેન્દ્રના નગરમાં હોઉં, નારકોના નિવાસમાં હોઉં, જિનપતિના ભવનમાં હોઉં કે અન્ય ગમે તે સ્થળે હોઉં, (પરંતુ) મને કર્મનો ઉદ્ભવ ન હો, ફરી ફરીને આપના પદપંકજની ભક્તિ હો. ૧૪૮૧. *(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર—ટીકા, શ્લોક-૨૮)*

✻ કદી વધી જવાથી અથવા કદી ઘટી જવાથી, અથવા કોઈ વેળા નહિ દેખાવાથી તે ઇન્દ્રિયજ્ઞાન મૃગીના રોગના વેગ સમાન મૂર્છિત છે. ૧૪૮૨.

*(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૨૮૪)*

✻ અંતરંગમાં આત્માના વાસ્તવિક સ્વરૂપને જોઈને અને બાહ્યમાં શરીરાદિ પર ભાવોને જોઈને બન્નેના—આત્મા અને શરીરાદિકના—ભેદવિજ્ઞાનથી તથા તેના અભ્યાસથી અચ્યુત એટલે મુક્ત થવાય. ૧૪૮૩.

*(શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૭૯)*

વર્ષ–૯
અંક–૯




વિ. સંવત
૨૦૭૧
May
A.D. 2015




# છ દ્રવ્યનું સ્વરૂપ



(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

(તા. ૨૬-૪-૪૪, બુધવાર) (ગતાંકથી ચાલુ)

હવે નવમી ગાથામાં તત્ત્વાર્થ કયા કયા છે તે બતાવે છે :—

जीवा पोग्गलकाया धम्माधम्मा य काल आयासं।
तच्चत्था इदि भणिदा णाणा गुणपज्जएहिंसंजुत्ता।।९।।

जीवाः पुद्गलकायाः धर्माधर्मौ च काल आकाशं।
तत्त्वार्था इति भणिताः नानागुणपर्य्यायैः संयुक्ताः।।९।।

સર્વજ્ઞ ભગવાને જગતમાં છ વસ્તુઓ જોઈ છે.

(૧) જીવ—અનંતા છે. (૨) પુદ્‌ગલ—પરમાણુ—અનંતાનંત છે. (૩) ધર્માસ્તિકાય—એક છે. (૪) અધર્માસ્તિકાય—એક છે. (૫) આકાશ—એક છે. (૬) કાળાણુ—અસંખ્યાતા છે.

આ છ દ્રવ્યને તત્ત્વાર્થ કહ્યાં છે, તે છએ અનાદિઅનંત વસ્તુઓ છે.

હવે જીવનું સ્વરૂપ વિસ્તારથી બતાવે છે :—

૧—સ્પર્શ, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, મનબલ, વચનબલ, કાયબલ, આયુ તથા શ્વાસોશ્વાસ એવા દસપ્રાણોથી જે (સંગ્રહનયથી) જીવે છે—જીવતો આવ્યો છે અને જીવશે

સંયત રહી શુભમાં ચરે, તે શ્રમણ છે વશ અન્યને;
તે કારણે આવશ્યકાત્મક કર્મ છે નહિ તેહને. ૧૪૪. –શ્રી નિયમસાર

તે જીવ છે. અહીં સંગ્રહનયથી વાત કરી છે. બધા જીવોને દસે પ્રાણ હોતા નથી, છતાં દસેપ્રાણ પ્રાપ્ત કરવાની શક્તિ પડી છે તે રીતે કહ્યું છે. દસથી ઓછા પ્રાણવાળા બધા જીવો સંગ્રહનયમાં લઈ લેવા. વ્યવહારે દસપ્રાણથી જીવે છે તે જીવ છે.

૨–નિશ્ચયથી તો ચૈતન્યપ્રાણ (જ્ઞાન)થી જે ત્રણે કાળ જીવે છે તે જીવ છે. જાણવું–જોવું એ દરેક જીવમાં અનાદિ અનંત છે. ત્રણેકાળ છે. ભાવપ્રાણથી ત્રિકાળ ટકવું તે નિશ્ચય, અને ઈન્દ્રિયાદિ બાહ્ય નિમિત્ત–સંયોગી વસ્તુથી જીવે છે એમ કહેવું તે વ્યવહાર છે.

૩–૪–જીવ = જીવે તે જીવ. શુદ્ધનિશ્ચયથી સહજ જ્ઞાનાનંદપરમસ્વભાવગુણના આધારભૂત જીવ હોવાથી તે 'કારણશુદ્ધજીવ' છે. શુદ્ધ સદ્ભુત વ્યવહારનયથી આ આત્મા કેવળજ્ઞાન–કેવળદર્શન વગેરે નિર્મળ ગુણો પ્રગટે તેનો આધાર હોવાથી 'કાર્યશુદ્ધ જીવ' છે આત્મા ત્રિકાળી વસ્તુ છે. તેમાંથી કેવળજ્ઞાનની નિર્મળ અવસ્થા પ્રગટી તે કાર્ય છે અને તે અવસ્થાનો આધાર જીવ દ્રવ્ય હોવાથી તે કાર્યશુદ્ધ જીવ છે. કેવળજ્ઞાન પોતે અવસ્થા છે–દ્રવ્ય કે ગુણ નથી. આત્મા દ્રવ્ય છે, તેનો જ્ઞાન ગુણ છે તે બન્ને ત્રિકાળ છે. કેવળજ્ઞાન તો અવસ્થા છે, તે અવસ્થા અનાદિ અનંત ન હોય; કેવળજ્ઞાન અવસ્થા થઈ તે કાર્ય છે અને તે અવસ્થાનું કામ આત્મામાં થયું હોવાથી આત્મા કાર્યશુદ્ધ જીવ છે.

ઉપર ''શુદ્ધ સદ્ભુત વ્યવહારનયથી.......કાર્યશુદ્ધ જીવ છે'' એમ શા માટે કહ્યું છે તે સમજાવે છે :—

કેવળજ્ઞાન નિર્મળ પર્યાય છે માટે 'શુદ્ધ', પોતાની જ પર્યાય છે માટે 'સદ્ભુત' અને આત્મા અખંડ છે તેમાં ગુણગુણીનો ભેદ પડ્યો તેથી અથવા તો કેવળજ્ઞાન તે અવસ્થા છે તેથી 'વ્યવહાર' છે. નિશ્ચયથી તો આત્મા અખંડ એકરૂપ દ્રવ્ય છે. તે નિશ્ચયની અખંડ શ્રદ્ધાના જોરમાં શુદ્ધપર્યાય ઊઘડી તે દ્રવ્યની જ પર્યાય છે અને નિર્મળ છે તેથી તેને 'શુદ્ધસદ્ભૂતવ્યવહાર' કહ્યો છે, તથા કેવળજ્ઞાન તે કાર્ય છે અને તે કાર્યમાં ટકતો જીવ તે ''કાર્ય શુદ્ધ જીવ'' છે.

પૂર્ણ ચૈતન્યદ્રવ્ય તે નિશ્ચય કારણ, કેવળજ્ઞાન પર્યાય તે કાર્ય અને મતિ–શ્રુત વગેરે પર્યાય તે અધૂરૂં કારણ અર્થાત્ વ્યવહાર કારણ. પહેલી પર્યાય તે બીજી પર્યાયનું વ્યવહારે કારણ છે, એ રીતે બીજી પર્યાય તે પહેલી પર્યાયનું કાર્ય છે. આ અપેક્ષાએ મતિ–શ્રુતને કેવળજ્ઞાનનું કારણ કહેવાય છે.

**જે ચિત્ત જોડે દ્રવ્ય-ગુણ-પર્યાયની ચિંતા વિષે,**
**તેનેય મોહવિહીન શ્રમણો અન્યવશ ભાખે અરે! ૧૪૫. –શ્રી નિયમસાર**

જીવવું એટલે ટકી રહેવું–તેના ચાર પ્રકાર કહ્યા :—

(૧) બાહ્ય દસપ્રાણોથી જીવે છે–તે વ્યવહાર છે.

(૨) ત્રિકાળ ચૈતન્યપ્રાણથી જીવે છે. આમાં કેવળજ્ઞાન પર્યાયથી જીવે છે એમ ન લીધું પણ ત્રિકાળ ચૈતન્યપ્રાણથી જીવે છે એમ લીધું છે–તે નિશ્ચય છે.

(૩–૪) આત્માના ગુણની શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતા દ્વારા જે કેવળજ્ઞાન પ્રગટ્યું તે અવસ્થા ગુણમાં શક્તિપણે હતી એજ પ્રગટી છે માટે સદ્‌ભુત વ્યવહાર અને શુદ્ધપર્યાય હોવાથી ''શુદ્ધ સદ્‌ભુત વ્યવહાર'' કહ્યો છે. આ રીતે શુદ્ધસદ્‌ભુતવ્યવહારનયથી 'કાર્યશુદ્ધજીવ' કહ્યો અને શુદ્ધનિશ્ચયનયથી 'કારણશુદ્ધજીવ' કહ્યો. હવે પાંચમો પ્રકાર વર્ણવે છે.

૫–અશુદ્ધ સદ્‌ભુત વ્યવહારનયથી મતિજ્ઞાનાદિ વિભાવ ગુણોના આધારથી જીવે છે તેથી 'અશુદ્ધજીવ' છે.

મતિજ્ઞાન તે ઊણી પર્યાય છે માટે વિભાવ છે. (અહીં પર્યાયને ગુણ તરીકે લીધેલ છે.) મતિ–શ્રુત તે હજી અપૂર્ણ નિર્મળ અવસ્થા છે તેથી 'અશુદ્ધ', પોતાની જ પર્યાય છે માટે 'સદ્‌ભુત' તથા પર્યાયનો ભેદ છે માટે 'વ્યવહાર';

જીવ કોને કહેવો? તેના પાંચ પ્રકાર કહ્યા :—

૧—વ્યવહારથી દસપ્રાણો વડે જીવે છે તે જીવ; આ વ્યાખ્યા પરમાં જાય છે.

૨—નિશ્ચયથી ચૈતન્યપ્રાણોથી જીવે છે તે જીવ; આ વ્યાખ્યા દ્રવ્યને આશ્રિત છે.

૩—શુદ્ધનિશ્ચયનયથી સહજજ્ઞાનાદિપરમસ્વભાવગુણના આધારભૂત જીવ હોવાથી તે 'કારણશુદ્ધજીવ' છે.

૪–શુદ્ધસદ્‌ભૂતવ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધપર્યાયથી જીવે છે માટે 'શુદ્ધકાર્યજીવ' છે.

૫–અશુદ્ધસદ્‌ભુતવ્યવહારથી મતિ–શ્રુત વગેરે પર્યાયથી જીવે છે અને મતિ–શ્રુત વગેરે પર્યાય અશુદ્ધ છે માટે 'અશુદ્ધ જીવ' છે.

આ વાત ઝીણી લાગે, પણ તું સમજનારો પણ ઝીણો જ છોને! તારૂં સ્વરૂપ સમજ્યા વિના તારી ખબર તને શી રીતે પડશે? આ તારૂં જ સ્વરૂપ કહેવાય છે. શરીર તારૂં નથી કેમકે સિદ્ધદશામાં રહેતું નથી. તારૂં સ્વરૂપ સિદ્ધસમાન છે, જે સિદ્ધદશામાં

પરભાવ છોડી, આત્મને ધ્યાવે વિશુદ્ધસ્વભાવને,
છે આત્મવશ તે સાધુ, આવશ્યક કરમ છે તેહને. ૧૪૬. –શ્રી નિયમસાર

ન રહે તે તારૂં સ્વરૂપ નહીં, અને જે સિદ્ધને હોય તે તારે પણ હોય. નિશ્ચયથી તો જીવ ત્રિકાળી ચૈતન્યપ્રાણથી જીવે છે. શુદ્ધસદ્ભુતપ્રાણ તે કેવળજ્ઞાન તથા અશુદ્ધસદ્ભુતપ્રાણ તે મતિ–શ્રુત; આ બન્ને વ્યવહાર છે.

દૃષ્ટિના અભેદ વિષયમાં પર્યાય ગૌણપણે છે, પણ અભાવરૂપ નથી, તેથી જ્ઞાનમાં તો બધું આવે. જીવતત્ત્વને જે રીતે સર્વજ્ઞે કહ્યું તે રીતે જાણ્યા વગર અને શ્રદ્ધા કર્યા વગર સમજાશે શી રીતે? મોક્ષમાર્ગમાં વચ્ચે મતિ–શ્રુત તે અશુદ્ધ પર્યાય છે તેને નિર્મળ માને તો તત્ત્વની ખબર નથી, અને તે અશુદ્ધ પર્યાયને ન માને તો ય તત્ત્વની ખબર નથી, અશુદ્ધ પર્યાયને સ્વરૂપ માની લ્યે તોપણ તત્ત્વની ખબર નથી. તેવી જ રીતે શુદ્ધ પર્યાય–કેવળજ્ઞાન પર્યાય છે તેને દ્રવ્ય માની લ્યે તો તત્ત્વની ખબર નથી, અને કેવળજ્ઞાનની શુદ્ધ પર્યાય છે તેને ન જાણે તો પણ તત્ત્વની ખબર નથી. જે રીતે આગમે કહ્યું તે રીતે બધા પડખેથી સ્વરૂપ સમજવું જોઈએ. વસ્તુ એટલે ચૈતન્યપ્રાણ, સંયોગ એટલે ઈન્દ્રિયપ્રાણ, પૂર્ણપર્યાય એટલે કેવળજ્ઞાન–તે કાર્ય; અને ઊણી પર્યાય એટલે મતિ–શ્રુત વગેરે–તે કારણ (વ્યવહારથી).

આત્મા ચૈતન્ય વસ્તુ છે. ચૈતન્ય દ્રવ્યના ગુણો પણ ચૈતન્યમય છે; અમૂર્તિક છે, અરૂપી છે–પોતે અરૂપી છે તો ગુણો પણ અરૂપી છે, અને પોતે અમૂર્તિક છે તો ગુણો પણ અમૂર્તિક છે. જે જીવ શુદ્ધ છે તેના ગુણો શુદ્ધ છે અને જે જીવ અશુદ્ધ છે તેના ગુણો અશુદ્ધ છે–તથા (બન્નેમાં) પર્યાય તેવી જ છે. જીવ અશુદ્ધ હોય કે શુદ્ધ હોય, પણ છે તો અરૂપી જ, રૂપી નથી. રાગી–દ્વેષી જીવને અહીં અશુદ્ધ કહ્યો છે, તથા જે અશુદ્ધ પર્યાય થઈ તે ગુણની હોવાથી ગુણ પણ અશુદ્ધ કહ્યો છે, તથા તે આત્મા પણ અશુદ્ધ કહ્યો છે. તથા જેની અવસ્થા શુદ્ધ થઈ તેના ગુણો અને વસ્તુ બન્ને શુદ્ધ છે. ખરેખર વસ્તુ અને વસ્તુના ગુણો તો ત્રિકાળ એકરૂપ શુદ્ધ છે, પણ અશુદ્ધ પર્યાયના આરોપથી ગુણ અને વસ્તુને પણ અશુદ્ધ કહેવામાં આવ્યાં છે.

ગુણનું પરિણમન તે પર્યાય છે, તેથી જ્ઞાનગુણ ત્રિકાળ નિર્મળ રહ્યો એમ નથી. જો ગુણ ત્રિકાળ નિર્મળ હોય તો મલિન અવસ્થા આવે ક્યાંથી? તેથી જેવી અવસ્થા પ્રગટી તેવો ગુણ કહેવાય છે. અહીં અવસ્થા દૃષ્ટિની મુખ્યતાથી વાત છે–એમ સમજવું.

આ રીતે છ દ્રવ્યોમાંથી જીવનું સ્વરૂપ બતાવ્યું. (ક્રમશઃ) ❋

**આવશ્યકાર્થે તું નિજાત્મસ્વભાવમાં સ્થિરતા કરે;**
**તેનાથી સામાયિક તણો ગુણ પૂર્ણ થાયે જીવને. ૧૪૭. –શ્રી નિયમસાર**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**पावेण जणो एसो, दुक्कम्म–वसेन जायदे सव्वो।**
**पुणरवि करेदि पावं, ण य पुण्णं को वि अज्जेदि।।४७।।**

**અર્થ :—**આ લોકના મનુષ્યો સંપૂર્ણ પાપના ઉદયથી અશાતાવેદનીય, નીચગોત્ર અને અશુભનામ--આયુ આદિ દુષ્કર્મના વશથી એવાં દુ:ખો સહન કરે છે તોપણ પાછા પાપ જ કરે છે, પણ પૂજા, દાન, વ્રત, તપ અને ધ્યાનાદિ છે લક્ષણ જેનું, એવાં પુણ્યને ઉપજાવતા નથી, એ મોટું અજ્ઞાન છે. ૪૭.

જુઓ, ધર્મી જીવ પોતાના વૈરાગ્યની વૃદ્ધિ અર્થે વિચારે છે કે અરેરે ! જગતના ઘણા જીવો પૂર્વના પાપથી વર્તમાનમાં પણ નવાં પાપને જ બાંધે છે, પણ જિનેન્દ્રદેવની પૂજા વગેરેના શુભભાવ કરતાં નથી.

ધર્મી એમ વિચારે છે કે અરે, પુણ્ય-પાપ રહિત ચૈતન્યનું ભાન તો જગતના જીવોને અત્યંત દુર્લભ છે, પણ ભક્તિ-પૂજા-વ્રતાદિ પુણ્યભાવ પણ તેઓ કરતા નથી ને એકલા પાપમાં જ પડ્યા છે, તે મોટું અજ્ઞાન છે.

ધર્મી જીવ હોય તેના ઘેર પુત્ર જન્મે માટે તેનું આયુષ્ય લાંબુ જ હોય; એમ કાંઈ નથી. ધર્મીને ત્યાં પણ કોઈ જીવ ટૂંકું આયુષ્ય લઈને આવે ને નાની ઉંમરમાં મરી જાય. કોઈનો દીકરો પરદેશમાં મરી ગયો, તે સાંભળીને તે કહે કે ''મારો દીકરો મરે નહિ, કેમ કે હું ધર્મી છું''—ત્યાં કોઈ તો કહે કે જુઓ ! તેને કેવી ધર્મની દઢતા !! પણ જ્ઞાની કહે છે કે તે મૂઢ છે. ધર્મીના ધર્મની સાથે કોઈ છોકરાના આયુષ્યનો સંબંધ નથી. મોટો અધર્મી હોય છતાં તેને ત્યાં દીકરા લાંબા આયુષ્યવાળા હોય ને ધર્માત્માને ત્યાં નાની ઉંમરમાં દીકરા મરી પણ જાય. અરે, ધર્મીને પોતાને ઓછું આયુષ્ય હોય, તો નાની ઉંમરમાં દેહ છોડીને એકાવતારી થઈને ચાલ્યા જાય માટે બહારના સંયોગની સાથે ધર્મનો સંબંધ નથી. પુણ્ય હોય તો બહારનો સંયોગ રહે ને પુણ્ય ન હોય તો બહારનો સંયોગ ચાલ્યો જાય.

આયુષ્યની સાથે ધર્મીને શું સંબંધ છે ? ધર્મી તો કહે છે કે આયુષ્ય મારે છે જ

**આવશ્યકે વિરહિત શ્રમણ ચારિત્રથી પ્રભ્રષ્ટ છે;**
**તેથી યથોક્ત પ્રકાર આવશ્યક કરમ કર્તવ્ય છે. ૧૪૮. –શ્રી નિયમસાર**

નહિ. હું તો અનાદિ અનંત આત્મા છું. આવા ભાનસહિત ધર્મી જીવ વૈરાગ્ય ભાવનાઓ ભાવે છે. અજ્ઞાની જીવો મનુષ્યભવ પામીને પુણ્ય નથી કરતા, તો તેને ધર્મ તો ક્યાંથી હોય ? સર્વજ્ઞ પરમાત્માની ભક્તિ-પૂજા વગેરેનો પુણ્યભાવ પણ જગતના જીવોને દુર્લભ છે. જગતના જીવો પાપ છોડીને પુણ્ય નથી કરતા, તો તેમને ચૈતન્યનું ભાન કરીને તેનો ધર્મ તો ક્યાંથી હોય ?

જુઓ, અહીં પૂજા-દાન-વ્રત વગેરેની વાત કરી; પણ તે કાંઈ ધર્મ નથી, તે તો શુભભાવ છે. અહીં તો એમ બતાવવું છે કે જે જીવો એકલા વિષયકષાયના પાપભાવમાં જ મશગુલ થઈને પડ્યા છે ને મંદકષાયનું પણ જેને ઠેકાણું નથી, તેવા જીવો ચૈતન્યની ભાવના તો ક્યાંથી કરે ? પૂજા-દાન-વ્રત અને તપ એ બધાયને અહીં પુણ્યનું લક્ષણ કહ્યું છે, એટલે કે તે પૂજા વગેરેમાં શુભભાવથી પુણ્ય બંધાય છે. આવા પુણ્યભાવવાળા જીવો પણ જગતમાં થોડા છે. અહીં પૂજા વગેરેની વાત કરી તે શુભભાવ છે.

ચૈતન્યની પ્રતીતિ કરીને ઉપયોગને અંતરમાં વાળીને તેનાથી આત્માનું પૂજન કરવું તે પૂજાથી ધર્મ છે. દાન એટલે ચૈતન્યનું ભાન કરીને તેને વીતરાગી પર્યાયનું દાન કરવું તેનું નામ દાન; પોતે પોતાને દાન દીધું. વ્રત એટલે પુણ્ય-પાપની લાગણી છેદીને ચૈતન્યના સ્વરૂપમાં વીંટાઈ જવું—એકાગ્ર થવું તેનું નામ વ્રત છે. તપ એટલે જેમાં ચૈતન્યજ્યોતિ ઝળહળે, એવી ચૈતન્યની એકાગ્રતાનું નામ તપ છે; અને નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન એકાગ્રતાની ધૂનથી ચૈતન્યમાં ઉપયોગ જામી જાય તેનું નામ ધ્યાન છે. આવાં પૂજા-વ્રત-તપ-દાન અને ધ્યાન તે ધર્મ છે. તે તો અજ્ઞાનીને નથી, પણ શુભભાવરૂપ પૂજા વગેરે પણ જગતના જીવોને દુર્લભ છે.

૪૭મી ગાથામાં તો સાધારણ પુણ્યની વાત કરી. હવે ૪૮મી ગાથામાં ધર્મીના પુણ્યની વાત કરે છે :—

**विरलो अज्जदि पुण्णं, सम्मादिट्ठी वएहिं संजुत्तो ।**
**उवसमभावे सहिदो, णिंदण गरहाहिं संजुत्तो ।।४८।।**

**અર્થ :**—સમ્યગ્દૃષ્ટિ અર્થાત્ યથાર્થ શ્રદ્ધાવાન, મુનિ-શ્રાવકનાં વ્રતો સહિત, ઉપશમભાવ અર્થાત્ મંદકષાય પરિણામી, નિંદન અર્થાત્ પોતાના દોષોને પોતે યાદ કરી પશ્ચાતાપ કરનાર અને ગર્હણ અર્થાત્ પોતાના દોષોને ગુરુજન પાસે વિનયથી કહેનાર; એ પ્રમાણે નિંદા-ગર્હાયુક્ત જીવ પુણ્યપ્રકૃતિઓને ઉપજાવે છે. પણ એવા વિરલા જ હોય છે. ૪૮.

**આવશ્યકે સંયુક્ત યોગી અંતરાત્મા જાણવો;**
**આવશ્યકે વિરહિત શ્રમણ બહિરંગ આત્મા જાણવો. ૧૪૯. –શ્રી નિયમસાર**

જેને આત્માનું ભાન થયું છે, પુણ્ય-પાપ રહિત ચૈતન્યની વીતરાગી દૃષ્ટિ પ્રગટી છે, તે જીવને અહિંસા વગેરેના શુભભાવથી પુણ્ય ઊપજે છે ને અંદર જે યથાર્થ શ્રદ્ધા–જ્ઞાન છે તે ધર્મ છે. અહીં તો એમ કહેવું છે કે સંસારમાં રખડતાં જગતના જીવોને મનુષ્યપણું દુર્લભ છે ને તેમાં પણ ઘણા અજ્ઞાની જીવો તો પાપમાં જ ડૂબેલા છે. ચૈતન્યના યથાર્થ શ્રદ્ધા-જ્ઞાનવાળા જીવો તો બહુ જ વિરલા હોય છે. જેને ચૈતન્યનાં યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન હોય, મુનિ કે શ્રાવકનાં વ્રતો હોય, મંદ કષાયરૂપ ઉપશમભાવ હોય—એવા જીવો બહુ વિરલા હોય છે. સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને યથાર્થ નિંદા-ગર્હણા હોય છે. કોઈ વાર અશુભ પરિણામ આવી જાય તો ધર્મી જીવ પોતાના આત્માને એમ નિંદે છે કે અરે આત્મા !! આવા ટાણાં મળ્યા અને તને આવા પરિણામ ! અંદર નિર્દોષ પરમાત્મસ્વભાવનું ભાન તો ભેગું પડ્યું છે, તે ભાનસહિત એમ વિચારે છે કે અરે ! મનુષ્યપણાનો અલ્પકાળ ! તેમાં આવા પરિણામ આવી જાય !—એમ વિચાર કરે છે તેમાં શુભ પરિણામ છે. તે શુભ પરિણામ તો પુણ્યબંધનું કારણ છે ને તે વખતે સ્વભાવના આશ્રયે જેટલો રાગ ટળ્યો છે તેટલો તો ધર્મ છે. ધર્મીને ભાન હોવા છતાં હજી વિશેષ વીતરાગ ભાવની શક્તિ પ્રગટી નથી. ધર્મી પોતાની શક્તિ જોઈને વ્રત-તપ કરે છે. હઠથી કે કોઈની દેખાદેખીથી કરતા નથી. ધર્મી તો અંદર પોતાના પરિણામની શક્તિ જોઈને શક્તિ અનુસાર તપ-ત્યાગ કરે છે. ધર્મીને પોતાના પરિણામમાં અશુભભાવ થઈ આવે તો તે વૈરાગ્યથી વિચારે છે કે અરે આત્મા ! અરે વીર ! આવાં ટાણાં મળ્યાં અને આવા પરિણામ આવી જાય છે તે ખેદ છે. આવો જે આત્મનિંદાનો ભાવ તે પુણ્ય છે અને ગુરુની સાક્ષીપૂર્વક તે દોષને છોડે, ગુરુ પાસે જઈને પોતાના દોષોને વિનયપૂર્વક કહે અને તે દોષ છોડે એવો જે શુભભાવ તે પણ પુણ્ય છે, તે વખતે અંદર દૃષ્ટિપૂર્વક જેટલી શુદ્ધતા વધે છે તે નિર્જરા અને ધર્મ છે. અહીં સંસારભાવના ભાવનાર ધર્મી વિચારે છે કે જગતના જીવોને અંતરના ભાનપૂર્વક આવા પરિણામ દુર્લભ છે. આવા જીવો વિરલા જ છે.

ચૈતન્યના ભાન વગર પુણ્ય કરનાર જીવો તો જગતમાં ઘણા છે, પણ ચૈતન્યના સ્વભાવના ભાનપૂર્વક આવા વૈરાગ્ય પરિણામ હોય તેવા જીવો તો જગતમાં વિરલા જ છે. સમ્યગ્દૃષ્ટિને આત્માનું ભાન થયું છે, પણ હજી પરમાત્મદશા પ્રગટી નથી, ત્યાં પોતાની ભૂમિકાનો વિવેક કરે છે ને આવી ભાવના કરીને તે પોતાના પુરુષાર્થને વધારે છે.

(ક્રમશઃ) ❋

જે બાહ્ય-અંતર જલ્પમાં વર્તે, અરે ! બહિરાત્મ છે;
જલ્પો વિષે વર્તે નહીં, તે અંતરાત્મા જીવ છે. ૧૫૦. –શ્રી નિયમસાર



# આહારદાનનું વર્ણન

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

ચૈતન્યની મસ્તીમાં મસ્ત એવા મુનિને જોતાં ગૃહસ્થને એવો ભાવ આવે કે અહો, રત્નત્રયને સાધનારા આ સંતને શરીરની અનુકૂળતા રહે એવા આહાર-ઔષધ આપુ—જેથી તેઓ રત્નત્રયને નિર્વિઘ્ન સાધે. આમાં એને મોક્ષમાર્ગનું બહુમાન છે કે અહો! ધન્ય આ સંત ને ધન્ય આજનો દિવસ કે મારા આંગણે મોક્ષમાર્ગી મુનિરાજના પગલાં થયાં....આજ તો મારા આંગણે મોક્ષમાર્ગ સાક્ષાત્ આવ્યો....વાહ, ધન્ય આવો મોક્ષમાર્ગ! આમ મોક્ષમાર્ગી મુનિને જોતાં જ શ્રાવકનું હૃદય બહુમાનથી ઊછળી જાય છે. જેને ધર્મી પ્રત્યે ભક્તિ નથી, આદર નથી તેને ધર્મનો પ્રેમ નથી.

ધર્મી શ્રાવકને આહારદાનનો કેવો ભાવ હોય તે અહીં બતાવે છે—

(शार्दूलविक्रीड़ित)

सर्वो वाञ्छति सौख्यमेव तनुभृत तन्मोक्ष एव स्फुटं
दृष्टयादित्रय एव सिध्यति स तन्निर्ग्रन्थ एव स्थितम्।
तद्वृतिर्वपुषोऽस्य वृत्तिरशनात् तद्दीयते श्रावकैः
काले क्लिष्टतरेऽपि मोक्षपदवी प्रायस्ततो वर्तते।।८।।

અર્થ :—સર્વ પ્રાણી સુખની જ ઇચ્છા કરે છે, તે સુખ સ્પષ્ટપણે મોક્ષમાં જ છે, તે મોક્ષ સમ્યગ્દર્શનાદિસ્વરૂપ રત્નત્રય થતાં જ સિદ્ધ થાય છે, તે રત્નત્રય દિગંબર સાધુને જ હોય છે, ઉક્ત સાધુની સ્થિતિ શરીરના નિમિત્તે હોય છે, તે શરીરની સ્થિતિ ભોજનના નિમિત્તે હોય છે અને તે ભોજન શ્રાવકો દ્વારા આપવામાં આવે છે. આ રીતે આ અતિશય ક્લેશયુક્ત કાળમાં પણ મોક્ષમાર્ગની પ્રવૃત્તિ ઘણું કરીને તે શ્રાવકોના નિમિત્તે જ થઈ રહી છે. ૮.

વળી ધર્મશુક્લધ્યાનપરિણત અંતરાત્મા જાણજે;
ને ધ્યાનવિરહિત શ્રમણને બહિરંગ આત્મા જાણજે. ૧૫૧. –શ્રી નિયમસાર

સર્વે જીવો સુખ વાંછે છે; તે સુખ પ્રગટપણે મોક્ષમાં છે; તે મોક્ષની સિદ્ધિ સમ્યગ્દર્શનાદિ રત્નત્રય વડે થાય છે; રત્નત્રય નિર્ગ્રન્થ–દિગંબર સાધુને હોય છે; સાધુની સ્થિતિ શરીરના નિમિત્તે હોય છે, ને શરીરની સ્થિતિ ભોજનના નિમિત્તે હોય છે; તે ભોજન શ્રાવકો વડે દેવામાં આવે છે. એ રીતે આ અતિશય ક્લિષ્ટ કાળમાં પણ મોક્ષમાર્ગની પ્રવૃત્તિ 'પ્રાયઃ' તે શ્રાવકોના નિમિત્તે વર્તે છે.

વ્યવહારનું કથન છે એટલે પ્રાયઃ શબ્દ મૂક્યો છે; નિશ્ચયથી તો આત્માના શુદ્ધભાવના આશ્રયે જ મોક્ષમાર્ગ ટકેલો છે; ને તે ભૂમિકામાં નિર્ગ્રંથ શરીર, આહાર વગેરે બાહ્યનિમિત્તો હોય છે, એટલે દાનના ઉપદેશમાં પ્રાયઃ એના દ્વારા જ મોક્ષમાર્ગ પ્રવર્તે છે–એમ નિમિત્તથી કહેવાય છે. ખરેખર કાંઈ આહારથી કે શરીરથી મોક્ષમાર્ગ ટકે છે—એમ નથી બતાવવું. અરે, મોક્ષમાર્ગ ટકવામાં જ્યાં મહાવ્રતના શુભરાગનોય ટેકો નથી ત્યાં શરીર ને આહારની શી વાત? એના આધારે મોક્ષમાર્ગ કહેવો એ તો બધી નિમિત્તની વાત છે. અહીં તો આહારદાન દેવામાં ધર્મી શ્રાવકનું ધ્યેય ક્યાં છે? તે બતાવવું છે. દાનાદિના શુભભાવ વખતેય ધર્મી ગૃહસ્થને અંતરમાં મોક્ષમાર્ગનું બહુમાન છે; પુણ્યનું બહુમાન નથી, બાહ્યક્રિયાનું કર્તૃત્વ નથી, પણ મોક્ષમાર્ગનું જ બહુમાન છે કે અહો, ધન્ય આ સંત! ધન્ય આજનો દિવસ કે મારે આંગણે મોક્ષમાર્ગી મુનિરાજનાં પગલાં થયાં. આજ તો જીવતો–જાગતો મોક્ષમાર્ગ મારે આંગણે આવ્યો. અહો, ધન્ય આવો મોક્ષમાર્ગ!—આમ મોક્ષમાર્ગી મુનિને જોતાં જ શ્રાવકનું હૃદય બહુમાનથી ઊછળી જાય છે, મુનિ પ્રત્યે તેને અતિશય ભક્તિ ને પ્રમોદ જાગે છે, 'સાચું રે સગપણ સાધર્મીતણું'—બીજા લૌકિક સંબંધ કરતા એને ધર્માત્મા પ્રત્યે વિશેષ ઉલ્લાસ આવે છે. મોહી જીવોને સ્ત્રી-પુત્ર-ભાઈ-બહેન વગેરે પ્રત્યે પ્રેમરૂપ ભક્તિ આવે છે તે તો પાપભક્તિ છે; ધર્મી જીવને દેવ-ગુરુ-ધર્માત્મા પ્રત્યે પરમ પ્રીતિરૂપ ભક્તિ ઊછળી જાય છે; તે પુણ્યનું કારણ છે ને તેમાં પોતાને ધર્મનો પ્રેમ પોષાય છે. જેને ધર્મી પ્રત્યે ભક્તિ ન હોય તેને ધર્મ પ્રત્યે પણ ભક્તિ નથી, કેમકે ધર્મી વિના ધર્મ હોતો નથી. જેને ધર્મનો પ્રેમ હોય તેને ધર્માત્મા પ્રત્યે ઉલ્લાસ આવ્યા વિના રહે નહિ.

સીતાજીના વિરહમાં રામચંદ્રજીની ચેષ્ટા સાધારણ લોકોને તો પાગલ જેવી લાગે, પણ એમના અંતર કંઈક જુદા હતા. અહો, સીતા મારી સાધર્મિણી! એના હૃદયમાં ધર્મ વસે છે, એને આત્મજ્ઞાન વર્તે છે; એ ક્યાં હશે? આ જંગલમાં એનું શું થયું હશે? એમ

**પ્રતિક્રમણ આદિ ક્રિયા—ચરણ નિશ્ચય તણું—કરતો રહે,**
**તેથી શ્રમણ તે વીતરાગ ચરિત્રમાં આરૂઢ છે. ૧૫૨. –શ્રી નિયમસાર**

સાધર્મીપણાને લીધે રામચંદ્રજીને સીતાના હરણથી વિશેષ લાગી આવ્યું હતું. અરે, એ ધર્માત્મા દેવ-ગુરુની પરમ ભક્ત, એને મારો વિયોગ થયો, મને એવી ધર્માત્મા—સાધર્મીણીનો વિરહ થયો,—એમ ધર્મની પ્રધાનતાનો વિરહ છે. પણ જ્ઞાનીના હૃદયને મૂઢ જીવો પારખી ન શકે.

ધર્મી-શ્રાવક બીજા ધર્માત્માને દેખીને આનંદિત થાય છે ને બહુમાનથી આહાર-દાનાદિનો ભાવ આવે છે, તેનું આ વર્ણન ચાલે છે. મુનિને તો કાંઈ શરીર ઉપર રાગ નથી, એ તો ચૈતન્યની સાધનામાં લીન છે; ને ક્યારેક દેહની સ્થિરતા અર્થે આહારની વૃત્તિ ઊઠે ત્યારે આહાર માટે નગરીમાં પધારે છે. આવા મુનિને જોઈને ગૃહસ્થને એવો ભાવ આવે છે કે અહો! રત્નત્રયને સાધનારા આ મુનિને શરીરની અનુકૂળતા રહે એવા આહાર—ઔષધ આપું, જેથી તેઓ રત્નત્રયને નિર્વિઘ્ન સાધે. આમ વ્યવહારથી શરીરને ધર્મનું સાધન કહ્યું છે ને તે શરીરનું નિમિત્ત અન્ન છે; એટલે ખરેખર તો આહારદાન દેવા પાછળ ગૃહસ્થની ભાવના પરંપરા રત્નત્રયના પોષણની જ છે; એનું લક્ષ રત્નત્રય ઉપર છે, ને તે ભક્તિપૂર્વક પોતાના આત્મામાં રત્નત્રયની ભાવના પુષ્ટ કરે છે. રામ અને સીતા જેવા પણ પરમ ભક્તિથી મુનિઓને આહાર દેતા હતા.

મુનિના આહારની ખાસ વિધિ છે. મુનિ જ્યાં ત્યાં આહાર ન કરે; જૈનધર્મની શ્રદ્ધાવાળા હોય એવા શ્રાવકને ત્યાં જ, નવધાભક્તિ વગેરે વિધિપૂર્વક મુનિ આહાર કરે. શ્રાવકને ત્યાં બોલાવ્યા વગર (—ભક્તિથી પડગાહન—નિમંત્રણ કર્યા વગર) મુનિ આહાર માટે પધારે નહિ. ને પછી શ્રાવક અત્યંત પ્રસન્નતાપૂર્વક નવવિધ ભક્તિ કરીને નિર્દોષ આહાર મુનિના હાથમાં આપે. (૧—પ્રતિગ્રહણ અર્થાત્ આદરપૂર્વક નિમંત્રણ, ૨—ઉચ્ચ આસન, ૩—પાદપ્રક્ષાલન, ૪—પૂજન-સ્તુતિ, ૫—પ્રણામ, ૬—મનશુદ્ધિ, ૭—વચનશુદ્ધિ, ૮—કાયશુદ્ધિ અને ૯—આહારશુદ્ધિ—આવી નવધાભક્તિપૂર્વક શ્રાવક આહારદાન આપે.) જે દિવસે આહારદાનનો પ્રસંગ પોતાના આંગણે બને તે દિવસે તો શ્રાવકના આનંદનો પાર ન હોય. શ્રી રામ અને સીતા પણ જંગલમાં મુનિને ભક્તિથી આહારદાન કરે છે ત્યારે એક ગીધપક્ષી (જટાયુ) પણ તે દેખી અનુમોદના કરે છે તેને જાતિસ્મરણજ્ઞાન થાય છે. શ્રેયાંસકુમારે જ્યારે ઋષભમુનિને પ્રથમ આહારદાન કર્યું ત્યારે ભરત ચક્રવર્તી તેને ધન્યવાદ દેવા તેના ઘરે ગયા હતા. અહીં મુનિની ઉત્કૃષ્ટ વાત

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૫ ઉપર)

**રે ! વચનમય પ્રતિક્રમણ, નિયમો, વચનમય પચખાણ જે,**
**જે વચનમય આલોચના, સઘળુંય તે સ્વાધ્યાય છે. ૧૫૩.　　　—શ્રી નિયમસાર**



## અરિહંતદેવનો સાચો સેવક કેવો હોય છે?

(સત્તાસ્વરૂપ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(વિ.સં. ૨૦૦૦, ભાદરવા સુદ ૨, રવિવાર)

કોઈ કહે કે અમારે અરિહંત ભગવાનને દેવ તરીકે સ્વીકારવા છે; તો અરિહંત ભગવાનને દેવપણે સ્વીકારવા તેમનું સાચું લક્ષણ શું છે તે અહીં કહે છે. અરિહંતદેવના સેવક થવામાં પ્રથમ ખોટા આગ્રહનો ત્યાગ અને દેવ-ગુરુની સાચી પ્રીતિ-ભક્તિ હોય અને ત્યારે તો હજી સાચી વ્યવહારશુદ્ધિ થઈ કહેવાય. આ વાત બધાને લાગુ પડે છે, પૈસાવાળાને વિશેષ લાગુ પડે તેવી છે.

પ્રશ્ન :—સાહેબ! આપે જ શીખવ્યું છે કે કોઈ આત્મા પૈસાવાળો નથી, તો પૈસાવાળાને વિશેષ લાગુ પડે છે એમ કેમ કહ્યું?

ઉત્તર :—આત્મા પૈસાવાળો નથી, પરંતુ પૈસાની મમતા કોને છે? પૈસા વગેરેની તીવ્ર મમતા હોય તો તે ઘટાડવી જોઈએ.

પહેલાં સાચા વીતરાગ દેવ, નિર્ગ્રંથ ગુરુ અને સાચા અનેકાન્ત શાસ્ત્રને ઓળખીને તેના ઉપર પ્રીતિ ન આવે ત્યાં સુધી તો વ્યવહારશુદ્ધિ પણ નથી; તેને તો સાચા નિમિત્ત પણ નથી. અરિહંત વીતરાગ પરમાત્મા કોને કહેવા? જે એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે છે અને જેને પરિપૂર્ણ શુદ્ધતા ઊઘડી છે તે વીતરાગ અરિહંતદેવ છે. આવા અરિહંતદેવના સ્વરૂપને બાહ્ય લક્ષણોથી ઓળખ્યા વગર માને અને કુદેવાદિકને ન માને તો પણ તેને બાહ્ય શુદ્ધિ થઈ નથી. કેમકે જેને તે માને છે તે દેવનું સ્વરૂપ તો તેણે જાણ્યું નથી.

પ્રથમ ગૃહીત મિથ્યાત્વદશામાં જેમ બીજા કુદેવાદિ માટે તન, મન, ધન વગેરે લગાવતો હતો તેના કરતાં વધારે ઉત્સાહ વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર માટે ન આવે તથા તન, મન, ધન ખર્ચવાનો ઉલ્લાસ ન જાગે તો તે ‘ઠગ ભગત’ છે, ખરેખર તે વીતરાગનો ભક્ત નથી, તેને ગૃહીત મિથ્યાત્વ છૂટ્યું નથી.

**કરી જો શકે, પ્રતિક્રમણ આદિ ધ્યાનમય કરજે અહો!**
**કર્તવ્ય છે શ્રદ્ધા જ, શક્તિવિહીન જો તું હોય તો. ૧૫૪. –શ્રી નિયમસાર**

શુદ્ધ આત્મસ્વરૂપનું ભાન કરીને સ્થિરતા દ્વારા ચાર ઘાતિ કર્મોનો નાશ કરીને જેણે સર્વજ્ઞતા પ્રગટ કરી છે એવા સર્વજ્ઞ અરિહંતદેવનો ભક્ત ક્યારે કહેવાય? અર્થાત્ સાચા દેવની માન્યતા થઈ છે એમ ક્યારે કહેવાય? કે જ્યારે બાહ્ય લક્ષણોથી સાચા દેવને ઓળખે અને કુદેવાદિની માન્યતા છોડે. તથા આવા અરિહંતદેવના શરણ વિના આત્માને ઓળખી શકાય નહીં. જ્યાં સુધી તેને સાચા દેવ-ગુરુની ભક્તિ-ઉલ્લાસ ન આવે ત્યાં સુધી વ્યવહારશુદ્ધિ પણ નથી, અને તે સાચા દેવનો ભક્ત વ્યવહારે પણ નથી, જૈન નથી.

પ્રશ્ન :—સાહેબ! આપ વારંવાર કહો છો કે કોઈ પર દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી, માત્ર નિમિત્ત થાય છે; તો છોકરાના પુણ્ય હોય અને અમે તેના નિમિત્ત થઈએ તેમાં ગૃહીત મિથ્યાત્વ ક્યાં આવ્યું?

ઉત્તર :—દેવ-ગુરુ કરતાં સ્ત્રી-કુટુંબ પ્રત્યેનો રાગ વધી જાય તો તેને ગૃહીત મિથ્યાત્વ જ છે. સ્ત્રી, કુટુંબ પ્રત્યેનો રાગ થાય ત્યાં કહે છે કે હું નિમિત્ત હતો, તો ભગવાનની ભક્તિ, શાસ્ત્ર-પ્રભાવના વગેરેમાં નિમિત્ત કેમ ન થયો? છોકરાના લગ્ન વખતે દોંગાઈ નથી કરતો, પણ દેવ-ગુરુની પ્રભાવના વગેરે કાર્યોમાં દોંગાઈ કરે છે, ત્યાં ઉલ્લાસ લાવતો નથી. છોકરો પરણતો હોય ત્યારે ઉજાગરા થાય, બોલી-બોલીને સાદ બેસી જાય કે ગમે તે થાય તોપણ ત્યાં ઉલ્લાસમાં ખામી આવવા દેતો નથી, પછી ભલેને દેવ-ગુરુની ઓળખાણ વગરના બન્ને (પરણનાર અને પરણાવનાર) નરકમાં જવાના હોય! વખતે મરીને નિગોદમાં પણ જાય, કેમકે અરિહંતદેવની સાચી ઓળખાણ અને ભક્તિ પ્રગટ્યા વગર નિગોદભાવ ટળે નહીં.

ડોસી—ડોસો મરી ગયા હોય ત્યારે જગતમાં આબરું ખાતર કારજ કરે, તેમાં ધન વગેરે ખર્ચે, અને ત્યાં વેવાઈ-વેવલાને સારું લગાડવા માટે બેન-દીકરીને ભાતું વગેરે વધારે આપે. સંસારમાં નાક રાખવા ખાતર 'ભડનો દીકરો' બધું કરે; પણ વીતરાગ ભગવાનની ભક્તિ, પૂજા, પ્રભાવના વગેરેની વાત આવે ત્યાં કહે કે એમાં હિંસા થાય, પાપ લાગે! પણ ભાઈ રે! પુણ્ય-પાપ તો અંદરના શુભ-અશુભ ભાવ ઉપર છે કે બહારની ક્રિયા ઉપર? તથા તારા બાયડી-છોકરાંનો રાગ કરવામાં તને પાપ નથી લાગતું? એ બાયડી-છોકરાંને પોષવાનો ભાવ તો ઝેરી સર્પને—ઝેરી નાગના કણાંને-પોષવા બરાબર છે, છતાં ત્યાં તને ઉલ્લાસ આવે છે? ધર્માત્મા તો દેવ-ગુરુ-શાસ્ત્રની

**પ્રતિક્રમણ-આદિ સ્પષ્ટ પરખી જિન-પરમસૂત્રો વિષે,**
**મુનિએ નિરંતર મૌનવ્રત સહ સાધવું નિજ કાર્યને. ૧૫૫.** **–શ્રી નિયમસાર**

પ્રભાવના, ભક્તિ વગેરે કાર્યોમાં ઉલ્લાસથી ઊછળી પડે છે કે અહો! ધન્ય મારો અવતાર! મારા અંતરમાં ત્રણલોકના નાથ સર્વજ્ઞ ભગવંત બિરાજ્યા! હું સર્વજ્ઞનો ભક્ત છું, દેવ-ગુરુ-શાસ્ત્રનો દાસાનુદાસ છું! એમ પોતાના અંતરમાં દેવ-ગુરુને બેસાડે છે. જ્યારે પોતાના આત્મદેવને પોતામાં બેસાડ્યા છે તેથી તો જન્મ-મરણનો નાશ જ છે.

મિથ્યાદૃષ્ટિ જીવને વ્રત-તપ તો ન જ હોય; પરંતુ જો વીતરાગ દેવ-ગુરુ-ધર્મની ઓળખાણ અને તેમના પ્રત્યેના બહુમાનનો શુભરાગ પણ ન હોય તો તેનો સંસાર સંબંધી દયા, દાન, સેવા વગેરેનો શુભરાગ તે સાંજની સંધ્યા સમાન છે; તે શુભરાગ અલ્પકાળમાં આથમી જવાનો છે. અને વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેના શુભરાગને સવારની સંધ્યા સમાન કહ્યો છે, તેની પાછળ પ્રકાશ આવશે એટલે કે સ્વભાવમાં તે શુભરાગનો પણ જ્યારે નકાર કરશે ત્યારે શુદ્ધતાનો પ્રકાશ પ્રગટ થશે. આ લૌકિક શુભરાગની વાત નથી, પણ ભગવાન ઉપરના શુભરાગની વાત છે. તે શુભરાગ પણ હું નહિ એવા નિર્ણય વગર જન્મ-મરણનો અંત ન આવે; પરંતુ પ્રથમ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે શુભરાગ, ભક્તિ વગેરેનો ઉલ્લાસ ન આવે તો પણ જન્મ-મરણ ટળે નહીં.

જેમ પ્રથમ ભૂમિકામાં (ગૃહીત મિથ્યાત્વના સદ્‌ભાવ વખતે) જે કુદેવ-કુગુરુને માનતો હતો તેને માટે તન, મન, ધન લગાડતો હતો પણ તેમાં દોંગાઈ (કંજુસાઈ) કરતો ન હતો, તેમ હવે, પ્રથમ ઊંધી માન્યતા વખતે માનેલા કુદેવાદિ માટે જેટલા તન, મન, ધન ખર્ચતો હતો તેના કરતાં અધિક તન, મન, ધન ઈત્યાદિ સત્‌દેવ-સદ્‌ગુરુને ઓળખીને તેના માટે ખર્ચે ત્યારે તેને હજી તો ગૃહીત મિથ્યાત્વ એટલે કે વ્યવહારું સ્થૂળ પાપનો ત્યાગ થાય. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૧૨ થી ચાલુ)

લીધી, તેમ બીજા સાધર્મી શ્રાવક-ધર્માત્મા પ્રત્યે પણ આહારદાન વગેરેનો ભાવ ધર્મીને હોય છે. આવા શુભભાવ શ્રાવકની ભૂમિકામાં હોય છે તેથી તેને શ્રાવકનો ધર્મ કહ્યો કે; છતાં તેની મર્યાદા કેટલી ?—કે પુણ્યબંધ થાય એટલી, એથી વધુ નહીં. દાનનો મહિમા વર્ણવતાં શાસ્ત્રમાં ઉપચારથી એમ પણ કહે કે મુનિને આહારદાન તે શ્રાવકને મોક્ષનું કારણ છે,–ત્યાં ખરેખર તો શ્રાવકને તે વખતે જે સમ્યક્‌શ્રદ્ધા-જ્ઞાન વર્તે છે તે જ મોક્ષનું કારણ છે, રાગ કાંઈ મોક્ષનું કારણ નથી,—એમ સમજવું. (ક્રમશઃ) ❊

**છે જીવ વિધવિધ, કર્મ વિધવિધ, લબ્ધિ છે વિધવિધ અરે!**
**તે કારણે નિજપરસમય સહ વાદ પરિહર્તવ્ય છે. ૧૫૬. –શ્રી નિયમસાર**

# માનવ જીવનનું મહા કર્તવ્ય

## ૧. સમ્યક્ત્વને નમસ્કાર હો

હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત સમ્યગ્દર્શન ! તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો.

આ અનાદિ સંસારમાં અનંત-અનંત જીવો તારા આશ્રય વિના અનંત-અનંત દુઃખને અનુભવે છે.

તારા પરમ અનુગ્રહથી સ્વ-સ્વરૂપમાં રુચિ થઈ; પરમ વીતરાગ સ્વભાવ પ્રત્યે નિશ્ચય આવ્યો; કૃતકૃત્ય થવાનો માર્ગ ગ્રહણ થયો.

હે જિન વીતરાગ ! તમને અત્યંત ભક્તિથી નમસ્કાર કરું છું. તમે આ પામર પ્રત્યે અનંત-અનંત ઉપકાર કર્યો છે.

હે કુન્દકુન્દાદિ આચાર્યો ! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે. તે માટે તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના જન્માદિ દુઃખની આત્યંતિક નિવૃત્તિ બનવાયોગ્ય નથી. (—શ્રીમદ્ રાજચંદ્ર)

## ૨. સમ્યક્ત્વનું માહાત્મ્ય

(૧) સમ્યક્ત્વ વગરના જીવો પુણ્ય સહિત હોય તો પણ જ્ઞાનીઓ તેને પાપી કહે છે; કારણ કે પુણ્ય-પાપ રહિત સ્વરૂપનું ભાન ન હોવાથી પુણ્યના ફળની મીઠાશમાં પુણ્યનો વ્યય કરીને પાપમાં જવાના છે.

(૨) સમ્યક્ત્વ સહિત નરકવાસ પણ ભલો છે અને સમ્યક્ત્વ રહિતનો દેવલોકમાં નિવાસ પણ શોભા પામતો નથી. (પરમાત્મપ્રકાશ અ.૨, દોહા-૫૮નો ભાવાર્થ)

(૩) અપાર એવા સંસારસમુદ્રથી રત્નત્રયીરૂપ જહાજને પાર કરવા માટે સમ્યગ્દર્શન ચતુર ખેવટિયો (નાવિક) છે.

(૪) જે જીવને સમ્યગ્દર્શન છે તે અનંત સુખ પામે છે અને જે જીવને સમ્યગ્દર્શન નથી તે પુણ્ય કરે તો પણ અનંત દુઃખ ભોગવે છે.

**નિધિ પામીને જન કોઈ નિજ વતને રહી ફળ ભોગવે,**
**ત્યમ જ્ઞાની પરજનસંગ છોડી જ્ઞાનનિધિને ભોગવે. ૧૫૭. –શ્રી નિયમસાર**

—આવી અનેક મહિમાઓ શ્રી સમ્યગ્દર્શનની છે, માટે દરેક જીવ કે જે સદા અનંતસુખ જ ઇચ્છે છે તેને તે પામવાનો પ્રથમ ઉપાય સમ્યગ્દર્શન જ છે, તેની આરાધના કરો.

શ્રીમદ્ રાજચંદ્ર પણ આત્મસિદ્ધિના પ્રથમ જ પદમાં કહે છે કે–

જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્ગુરુ ભગવંત.

જે સ્વરૂપ સમજ્યા વિના એટલે કે આત્માના ભાન વગર અર્થાત્ સમ્યગ્દર્શન પામ્યા વગર અનાદિ કાળથી અનંતદુઃખ–એકલું દુઃખ જ ભોગવ્યું છે, તે અનંત દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક માત્ર સમ્યગ્દર્શન જ છે, બીજો નથી.

તે સમ્યગ્દર્શન આત્માનો સ્વભાવ જ છે.

હે જીવો! સુખી થવા માટે સમ્યગ્દર્શન પ્રગટાવો.

## ૩. આત્મ–અનુભવની પ્રેરણા

પોતાનું આત્મસ્વરૂપ સમજવું સુગમ છે, અનાદિથી સ્વરૂપના અન-અભ્યાસને કારણે તે અઘરું લાગે છે, પરંતુ જો યથાર્થ રુચિ કરીને સમજવા માગે તો પોતાનું સ્વરૂપ સમજવું તે સહેલું છે.

બંગલો કરવો હોય તો ગમે તેવો હોંશિયાર કારીગર હોય તો પણ બે ઘડીમાં ન થઈ શકે, પણ જો આત્મસ્વરૂપની ઓળખાણ કરવા માગે તો તે બે ઘડીમાં પણ થઈ શકે છે. આઠ વર્ષનું બાળક મણિકા ન ઉપાડી શકે, પરંતુ સાચી સમજણ દ્વારા આત્માનું ભાન કરીને કેવળજ્ઞાન પામી શકે. આત્મા પર દ્રવ્યમાં કાંઈ જ ફેરફાર ન કરી શકે પણ સ્વદ્રવ્યમાં તો પુરુષાર્થ દ્વારા સમસ્ત અજ્ઞાનનો નાશ કરી સમ્યગ્જ્ઞાન પ્રગટાવી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. સ્વમાં ફેરફાર કરવા આત્મા પરિપૂર્ણ સ્વતંત્ર છે, પણ પરમાં કાંઈ કરવા માટે આત્મામાં કિંચિત્ સામર્થ્ય નથી. આત્મામાં એવો બેહદ સ્વાધીન પુરુષાર્થ છે કે જો તે ઊંધો પડે તો બે ઘડીમાં સાતમી નરકે જાય અને સવળો પડે તો બે ઘડીમાં કેવળજ્ઞાન લઈ સિદ્ધ થાય.

પરમાગમ શ્રી સમયસારજીમાં કહ્યું છે કે—'જો આ આત્મા બે ઘડી પુદ્ગલ

**સર્વે પુરાણ જનો અહો એ રીત આવશ્યક કરી,**
**અપ્રમત્ત આદિ સ્થાનને પામી થયા પ્રભુ કેવળી. ૧૫૮.** **–શ્રી નિયમસાર**

દ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે (તેમાં લીન થાય), પરિષહ આવ્યે પણ ડગે નહિ, તો ઘાતિકર્મનો નાશ કરી, કેવળજ્ઞાન ઉત્પન્ન કરી, મોક્ષને પ્રાપ્ત થાય. આત્મ-અનુભવનું એવું માહાત્મ્ય છે, તો મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવી તો સુગમ છે; માટે શ્રી ગુરુઓએ એ જ ઉપદેશ પ્રધાનતાથી કર્યો છે.''

(સમયસાર કલશ ૨૩નો ભાવાર્થ)

શ્રી સમયસાર પ્રવચનોમાં આત્માની સમજણ કરવાની પ્રેરણા વારંવાર કરી છે—

(૧) ચૈતન્યની વિલાસરૂપ મોજને, જરીક છૂટો પડીને જો; તે મોજને અંદરમાં દેખતાં શરીરાદિના મોહને તું તરત જ છોડી શકીશ. 'झगिति' એટલે ઝટ દઈને છોડી શકીશ. આ વાત સહેલી છે કેમ કે તારા સ્વભાવની છે. (પુસ્તક-૩, પાનું ૧૬)

(૨) સાતમી નરકની અનંતી વેદનામાં પડેલા પણ આત્માનો અનુભવ પામ્યા છે, તો સાતમી નરક જેટલી પીડા તો અહીં નથી ને! મનુષ્યપણું પામીને રોદણાં શું રોયા કરે છે? સત્સમાગમે આત્માની પિછાણ કરી આત્માનુભવ કર. (પા. ૧૭)


આ રીતે, સમયસાર-પ્રવચનોમાં વારંવાર—હજારોવાર—આત્માનુભવ કરવાની પ્રેરણા કરી છે, જૈનશાસ્ત્રોનું ધ્યેયબિંદુ જ આત્મસ્વરૂપની સમજણ કરાવવી તે છે.

'અનુભવ પ્રકાશ' ગ્રંથમાં આત્માનુભવની પ્રેરણા કરતાં કહે છે કે—કોઈ એમ જાણે કે 'આજના સમયમાં નિજસ્વરૂપની પ્રાપ્તિ કઠણ છે'....તેમ કહેનાર સ્વરૂપની ચાહ મટાડનાર બહિરાત્મા છે.××× જ્યારે નવરો હોય ત્યારે વિકથા કરે છે, પણ ત્યારે સ્વરૂપના પરિણામ કરે તો કોણ રોકે છે? પર પરિણામ સુગમ અને નિજપરિણામ વિષમ બતાવે છે. દેખો! અચરજની વાત છે કે પોતે દેખે છે, જાણે છે છતાં દેખ્યો ન જાય, જાણ્યો ન જાય એમ કહેતાં લાજ પણ આવતી નથી?×××× જેનો જશ ભવ્યજીવો ગાય છે, જેનો અપાર મહિમા જાણ્યે મહા ભવભાર મટે એવો મહા અવિકાર સમયસારને જાણી લેજો.

આ જીવ અનાદિથી અજ્ઞાનને લીધે પરદ્રવ્યને પોતાનું કરવા મથે છે, અને

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૧ ઉપર)

**જાણે અને દેખે બધું પ્રભુ કેવળી વ્યવહારથી;**
**જાણે અને દેખે સ્વને પ્રભુ કેવળી નિશ્ચય થકી. ૧૫૯.** –**શ્રી નિયમસાર**



## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત–૧૭

જેમ વૃક્ષનું મૂળ પકડવાથી બધું હાથ આવે છે, તેમ જ્ઞાયકભાવને પકડવાથી બધું હાથ આવશે. શુભ પરિણામ કરવાથી કાંઈ હાથ નહિ આવે. જો મૂળ સ્વભાવને પકડ્યો હશે તો ગમે તે પ્રસંગો આવે તે સમયે શાંતિ—સમાધાન રહેશે, જ્ઞાતા–દ્રષ્ટાપણે રહી શકાશે. ૧૭.

**'જેમ વૃક્ષનું મૂળ પકડવાથી બધું હાથ આવે છે, તેમ જ્ઞાયકભાવને પકડવાથી બધું હાથ આવશે.'**

આંબાનું મૂળ પકડવાથી તેનાં ડાળાં, પાંદડાં, ફૂલ ને ફળ—બધું હાથ આવે, તેમ જ્ઞાયકભાવને—મૂળને—પકડવાથી તેનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, શુક્લધ્યાન ને કેવળજ્ઞાન—બધું હાથ આવશે, અંદરમાં બધું પ્રગટ થશે. રાગને તો નહિ, પણ પર્યાયને પકડવાની વાત પણ લીધી નથી. જ્ઞાયકને પકડનારી છે પર્યાય, તે પર્યાયને પણ પકડવી નહિ. અંદર પૂર્ણ અભેદ જ્ઞાયકભાવને પકડવાથી બધું હાથ આવશે.

સમયસારની છઠ્ઠી ગાથામાં 'હું એક જ્ઞાયકભાવ છું'—કહ્યું છે. ત્રિકાળી જ્ઞાયકભાવ એક સમયની પર્યાય જેટલો નથી. તે તો સહજ, સ્વાભાવિક, અણકરાયેલી, અકૃત્રિમ, પૂર્ણ, સ્વભાવથી ભરેલી વસ્તુ છે;—એવા જ્ઞાયકભાવને પકડ. પકડે પર્યાય પણ પકડે જ્ઞાયકભાવને. જ્ઞાયકભાવ ઉપર નજર નાખવાથી, ધ્રુવને ધ્યેય બનાવતાં બધું હાથ આવશે, કેવળજ્ઞાન પ્રગટ થશે. આટલું જ્ઞાન થાય, અગિયાર અંગનું જ્ઞાન થાય, તેને આ થાય—એમ નથી. ભગવાન આત્મા વસ્તુ તો પોતે જ્ઞાયકતાનો પુંજ છે, તેની સન્મુખ થવાથી એટલે કે તેને પકડવાથી સમ્યગ્દર્શન, આત્માનુભૂતિ વગેરે બધું તને મળશે.

અનાદિથી રાગ ને પર્યાયને પકડીને ઊભો છે તે સંસાર છે. તેમાં, ચોરાશી લાખ યોનિમાં અવતરવાનાં બીજડાં છે. રાગ ને પર્યાય જેટલો પોતાને માનવાથી સંસાર ફળશે. વ્યવહારની રુચિથી ભવ ફળશે. ત્યાં નરક ને નિગોદ ફળશે. પ્રભુ જ્ઞાયકને પકડવાથી જ્ઞાન-વૈરાગ્ય, અનુભૂતિ, મુનિપણું અને કેવળજ્ઞાન—બધું હાથ આવશે.

**જે રીત તાપ-પ્રકાશ વર્તે યુગપદે આદિત્યને,**
**તે રીત દર્શન-જ્ઞાન યુગપદ હોય કેવળજ્ઞાનીને. ૧૬૦. –શ્રી નિયમસાર**

**'શુભ પરિણામ કરવાથી કાંઈ હાથ નહિ આવે.'**

અશુભથી બચવા શુભ આવે; પણ તેનાથી આત્માની શાંતિ કે જ્ઞાન, કાંઈ હાથ નહિ આવે. આના—શુભના—બધા વાંધા ઉઠાવે છે. અશુભ ઘટે છે એટલું તો શુભ સાધન છે ને? છેલ્લે શુભ હોય છે ને? માટે શુભ સાધન છે. ભાઈ ! આગળ છેલ્લે શુભ ભલે હો, પણ તે સાધન નથી. તેનો અભાવ કરવો એટલે કે રાગ ને સ્વભાવની ભિન્નતા પ્રજ્ઞાછીણી વડે કરવી તે સાધન થાય છે. રાગ કરવાથી સાધન થાય એમ કદી બને નહિ. શુભ પરિણામ—શુભ રાગ કરવાથી ભવભ્રમણ સિવાય કાંઈ હાથ નહિ આવે.

બે વાત કરી : (૧) વૃક્ષના મૂળને પકડવાની જેમ, જ્ઞાયકભાવને પકડવાથી બધું હાથ આવશે; અને (૨) શુભને પકડવાથી કાંઈ હાથ નહિ આવે. તારાં દયા ને દાન, વ્રત ને પૂજા, ભક્તિ ને ભગવાનનું સ્મરણ—એ બધા શુભભાવ છે; શુભ પરિણામ કરવાથી કાંઈ હાથ નહિ આવે. ભાઈ ! સાચું જૈનદર્શન શું છે તે તેં સાંભળ્યું નથી. તું રાગના પડખે ચડી ગયો છે. તેં પડખું બદલ્યું નથી. એ શુભ રાગમાંથી કાંઈ હાથ નહિ આવે; એમાં ક્યાં છે જ્ઞાન, આનંદ ને શાંતિ? શુભથી કાંઈ હાથ ન આવે, ત્યાં અશુભની તો વાત જ શી કરવી?

**'જો મૂળ સ્વભાવને પકડ્યો હશે તો ગમે તે પ્રસંગો આવે તે સમયે શાન્તિ—સમાધાન રહેશે, જ્ઞાતા-દ્રષ્ટાપણે રહી શકાશે.'**

મૂળ સ્વભાવ એટલે કે જ્ઞાયકભાવ, સ્વભાવભાવ, ધ્રુવભાવ, પરમપારિણામિક-ભાવ, સહજ એકરૂપ રહેનારો ભાવ, સદૃશ રહેનારો ભાવ. અહા! એવો મૂળ સ્વભાવ પકડ્યો હશે તો ગમે તે પ્રસંગો આવે—રોગ આવે, નિંદા આવે, પ્રતિકૂળતા આવે—તે વખતે શાંતિ ને સમાધાન રહેશે.

જ્ઞાયકભાવ, શુદ્ધભાવ, સ્વાભાવિકભાવ સુખશાંતિનો મોટો દરિયો છે; તેને મર્યાદા શી? નિજ આત્માનું સત્ય સ્વરૂપ બતાવતાં પં. બનારસીદાસજી કહે છે :

कहै विचच्छन पुरुष सदा मैं एक हौं।
अपने रससौं भर्यो आपनी टेक हौं ॥

**દર્શન પ્રકાશક આત્મનું, પરનું પ્રકાશક જ્ઞાન છે,**
**નિજપરપ્રકાશક જીવ,—એ તુજ માન્યતા અયથાર્થ છે. ૧૬૧. –શ્રી નિયમસાર**

मोहकर्म मम नाहिं नाहिं भ्रमकूप है।
सुद्ध चेतना सिन्धु हमारौ रूप है।।

—શુદ્ધ ચેતનાનો મોટો સિંધુ-દરિયો પડ્યો છે; તેને કાંઈ ક્ષેત્રની મોટપની જરૂરત નથી, પણ સ્વભાવના સામર્થ્યની મોટપની જરૂરત છે. એવા મહાન જ્ઞાયકભાવને પકડવાથી, ગમે તે પ્રસંગો આવે તે વખતે શાંતિ ને સમાધાન રહેશે, જ્ઞાતા-દ્રષ્ટાપણે રહી શકાશે. 'હું કેવળ જ્ઞાતા જ છું'—એમાં પરનું ને રાગનું અકર્તાપણું સિદ્ધ થાય છે. ચાહે તો ઉદય આવો કે જાઓ—તેનો જ્ઞાતા-દ્રષ્ટા એટલે કે અકર્તા છે. જ્ઞાતાસ્વભાવનો નિર્ણય નથી તે કર્તા થઈને રાગમાં ભીંસાઈ જાય છે—દબાઈ જાય છે. ભાઈ! વસ્તુસ્વરૂપ આવું છે. બે-ચાર દિવસ મધ્યસ્થ થઈને સાંભળે તો ખબર પડે.

જૈનધર્મ કાંઈ વાડો નથી, એ કોઈ પક્ષ નથી; જૈનધર્મ એટલે એ વાણિયાનો ધર્મ–એમ નથી. અરે પ્રભુ! એમ નથી; જૈનધર્મ તો વસ્તુનું સ્વરૂપ છે. વીતરાગ-સ્વરૂપ-ચેતના-મહાસિંધુ એવા ભગવાન આત્માની શ્રદ્ધા, જ્ઞાન ને અનુભવ કરવો તે જૈનધર્મ છે. (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૧૮ થી ચાલુ)

શરીરાદિને પોતાનું કરીને રાખવા માગે છે, પરંતુ પરદ્રવ્યનું પરિણમન જીવને આધીન નથી, તેથી અનાદિથી જીવની મહેનત (અજ્ઞાનભાવ)ના ફળમાં એક પરમાણુ પણ જીવનો થયો નથી. અનાદિથી દેહદ્રષ્ટિપૂર્વક શરીરને પોતાનું માન્યું છે પણ હજી સુધી એક પણ રજકણ જીવનો થયો નથી અને કદી થવાનો પણ નથી, બન્ને દ્રવ્ય ત્રિકાળ જુદાં જ છે. જીવ જો પોતાના સ્વરૂપની સાચી સમજણ કરવા માગે તો તે સુગમ છે. જે પોતાના સ્વરૂપને સમજવા માગે તે પુરુષાર્થ દ્વારા અલ્પકાળમાં સમજી શકે છે. જીવ પોતાનું સ્વરૂપ જ્યારે સમજવા માગે ત્યારે સમજી શકે છે. સ્વરૂપ સમજવામાં અનંતકાળ લાગતો નથી તેથી સાચી સમજણ સુલભ છે.

સાચી સમજણ કરવાની રુચિના અભાવે જ જીવ અનાદિથી પોતાનું સ્વરૂપ સમજ્યો નથી. માટે આત્મસ્વરૂપ સમજવાની રુચિ કરો અને જ્ઞાન કરો....

(ક્રમશઃ) ❋

**પરને જ જાણે જ્ઞાન તો દ્રગ જ્ઞાનથી ભિન્ન જ ઠરે,**
**દર્શન નથી પરદ્રવ્યગત—એ માન્યતા તુજ હોઈને. ૧૬૨. –શ્રી નિયમસાર**

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—નિર્વિકલ્પ અનુભૂતિમાં મનનો સંબંધ છૂટી ગયો છે એ વાત કેટલા ટકા સાચી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—સો એ સો ટકા સાચી; ત્યાં નિર્વિકલ્પતારૂપ જે પરિણમન છે તેમાં તો મનનું અવલંબન જરા પણ નથી, તેમાં તો મનનો સંબંધ તદ્દન છૂટી ગયો છે; પણ તે વખતે અબુદ્ધિપૂર્વક જે રાગપરિણમન બાકી છે તેમાં મનનો સંબંધ છે.

શ્રોતા :—અનુભવ દ્રવ્યનો છે કે પર્યાયનો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—'અનુભવ'માં એકલું દ્રવ્ય કે એકલી પર્યાય નથી, પણ સ્વસન્મુખ વળીને પર્યાય દ્રવ્ય સાથે તદ્રૂપ થઈ છે, ને દ્રવ્ય–પર્યાય વચ્ચે ભેદ નથી રહ્યો,—આવી જે બંનેની અભેદઅનુભૂતિ–તે અનુભવ છે. દ્રવ્ય–પર્યાય વચ્ચે ભેદ રહે ત્યાં સુધી નિર્વિકલ્પ અનુભવ થાય નહીં.

શ્રોતા :—ત્રિકાળી દ્રવ્યના આશ્રયથી નિર્વિકલ્પ આનંદની અનુભૂતિ થાય ને તે જ સમયે હું આ આનંદને અનુભવું છું એવો ખ્યાલ આવે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—નિર્વિકલ્પ અનુભૂતિ કાળે આનંદનું વેદન છે પણ વિકલ્પ નથી. વિકલ્પમાં આવે છે ત્યારે ખ્યાલમાં આવે કે આનંદનો અનુભવ થયો છે પણ આનંદના અનુભવકાળે આનંદ અનુભવું છું તેવો ભેદ નથી, વેદન છે.

શ્રોતા :—પરની પર્યાયને પરદ્રવ્ય કહો પણ સ્વની નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય કેમ કહો છો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પરદ્રવ્યના લક્ષની જેમ નિર્મળ પર્યાયના લક્ષે પણ રાગ ઊઠતો હોવાથી એ પણ ખરેખર પરદ્રવ્ય છે દ્રવ્યથી સર્વથા ભિન્ન છે એમ જોર દીધા વિના દૃષ્ટિનું જોર દ્રવ્ય ઉપર જતું નથી, તેથી નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય, પરભાવ ને હેય કહી છે. પર્યાય ઉપર પ્રેમ છે તેનું લક્ષ પરદ્રવ્ય ઉપર જાય છે, તેથી તેને પરદ્રવ્યનો જ પ્રેમ છે. પરમ સત્સ્વભાવ એવા દ્રવ્યસામાન્યની ઉપર લક્ષ જવું તે અલૌકિક વાત છે.

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત

# મોક્ષમાર્ગપ્રકાશક અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

## પ્રશ્નપત્ર ક્રમાંક–૧૧ (કુલ માર્ક્સ–૫૦)

**અભ્યાસ ક્રમ –પંડિત ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠી**

પરીક્ષાર્થીનું નામ : ................................................... ઉંમર : ..........
મંડળનું નામ : ................................................ ગામનું નામ : ................
ફોન નં.: ...................................................... તા. ૨૫-૪-૨૦૧૫

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોના ઉત્તર મોક્ષમાર્ગપ્રકાશક આધારિત આપવાના રહેશે.

---

**પ્રશ્ન-૧ નીચે આપેલ પ્રશ્નોમાંથી ગમે તે આઠના ઉત્તર આપો. ૧૬**

(૧) વાસ્તવિક સત્પુરુષો અને આદર્શ વિદ્વાન કોને કહેવાય છે ?
(૨) પંડિત ટોડરમલજીએ આ ચિઠ્ઠી ક્યાં અને કોને લખી છે ?
(૩) પંડિત ટોડરમલજીએ (પદ્મનંદી-પંચવિંશતીમાં) રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં મુક્તિના પાત્ર કોને કહ્યા છે ?
(૪) સમ્યગ્દષ્ટિનું બધુ જ્ઞાન સમ્યક્જ્ઞાન કઈ રીતે કહેવાય છે ?
(૫) સમ્યગ્દષ્ટિ કદાચ ઘટ-પટ આદિ પદાર્થોને અયથાર્થ જાણે તો પણ તેનું તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન કેમ કહેવાય છે ?
(૬) પંડિત ટોડરમલજીએ ચિઠ્ઠીમાં મૂકેલ નયચક્રની ગાથા 'તચ્ચાણેસણકાલે'નો અર્થ લખો.
(૭) સમ્યક્ત્વના ભેદમાં પ્રત્યક્ષ અને પરોક્ષ એવા ભેદ આવતા નથી તો તેવા ભેદ શામાં આવે છે ?
(૮) આત્માનુભવ તો નિર્વિકલ્પ છે, તો ઉપરના અને નીચેના ગુણસ્થાનોમાં સ્વાનુભવમાં પરસ્પર ભેદ કઈ રીતે હોય છે ?
(૯) પંડિતજીએ પોતાની ચિઠ્ઠીમાં અષ્ટસહસ્રીની ગાથા, 'સ્યાદ્વાદકેવલજ્ઞાને' લખી છે તેનો અર્થ શું છે ?

**પ્રશ્ન-૨ : નીચેના પ્રશ્નમાંથી કોઈપણ પાંચ પ્રશ્નના વિસ્તૃત ઉત્તર આપો. ૨૦**

(૧) ગૃહસ્થ સમ્યગ્દષ્ટિ શુભાશુભભાવરૂપે પરિણતો હોય ત્યારે સમ્યક્ત્વનું અસ્તિત્વ કેવી રીતે હોય ?
(૨) છદ્મસ્થોને નિર્વિકલ્પ અનુભવ સમયે જ્ઞાનના ક્યા પ્રકારો વર્તે છે ? ક્યા વર્તતા નથી શા માટે ?
(૩) સવિકલ્પ કે નિર્વિકલ્પદશામાં જો જાણવાની વિશેષતા નથી તો નિર્વકલ્પદશામાં અધિક આનંદ કેવી રીતે થાય છે ?
(૪) સ્વાનુભવમાં પણ આત્મા પરોક્ષ જ છે તો ગ્રંથોમાં એ અનુભવને પ્રત્યક્ષ કેમ કહ્યો છે ?
(૫) જો નિર્વિકલ્પ અનુભવમાં કોઈ વિકલ્પ નથી તો શુક્લધ્યાનનો પ્રથમ ભેદ 'પૃથક્ત્વવિતર્ક વિચાર' શા માટે કહ્યો છે ?
(૬) સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ એક જ જાતિ છે તો જેમ કેવળી આત્માને પ્રત્યક્ષ જાણે એમ શું ચોથા ગુણસ્થાનવાળો પણ આત્માને પ્રત્યક્ષ જાણે ?

**પ્રશ્ન-3 નીચે આપેલ પ્રશ્નના ટૂંકમાં ઉત્તર આપો. ૪**

(૧) સ્વ-પરના યથાર્થ શ્રદ્ધાનમાં શું ગર્ભિત છે ?
(૨) સમ્યગ્દષ્ટિનું જ્ઞાન મતિ-શ્રુતરૂપ પ્રવર્તે છે, તે વધતું-વધતું ક્યા જ્ઞાનરૂપ થાય છે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૭ ઉપર)

## શ્રી છગનલાલ કાલીદાસ વાધર પરિવાર, જામનગર દ્વારા
## અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિવિધ અદ્ભુતતાયુક્ત અત્યાનંદોલ્લાસથી ઊજવાયેલ

# પરમ ઉપકારી કહાન ગુરુદેવનો
# મહામંગલકારી ૧૨૬મો જન્મ મહોત્સવ

### પંચાહ્નિક આયોજન તથા ઉત્સાહ

ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામીની દિવ્યધ્વનિથી પ્રસૂત તથા ભગવત્કુંદકુંદાચાર્યદેવ દ્વારા પ્રવાહિત સ્વાનુભવમુદ્રિત વિશુદ્ધ અધ્યાત્મધારાના સાતિશય પ્રભાવક અધ્યાત્મયુગસ્રષ્ટા ધર્મપુરુષ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૨૬મો ભક્તવૃંદઆનંદકારી વાર્ષિક મંગલ જન્મોત્સવ, તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ–અતિશયક્ષેત્ર સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૧૬-૪-૨૦૧૫ થી તા. ૨૦-૪-૨૦૧૫ સુધી પંચાહ્નિક, ગુરુ-મહિમાદ્યોતક વિભિન્ન રોચક કાર્યક્રમ સહ અતિ ભવ્ય સમારોહપૂર્વક પ્રચુર આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવ્યો હતો. વાધર પરિવારના સર્વે સદસ્યોને આ ગુરુ–જન્મોત્સવને અતિશય આનંદોલ્લાસપૂર્વક ઊજવવાનો ઉત્સાહ હતો.

### ગુરુ-ભક્તિની પ્રેરણાદાત્રી

સ્વાનુભૂતિવિભૂષિત વીતરાગમાર્ગના દાતા, પરમોપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ પ્રતિ ઉપકૃત-ભાવભીના ભક્ત્યુલ્લાસના આ મંગલ અવસર પર, કહાનગુરુ–ઉપકારમહિમા બતાવનાર તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ઉપકૃતભાવભીની પવિત્ર સ્મૃતિ સર્વે મુમુક્ષુઓને પોતાના સ્મૃતિપટ પર બરાબર ઉપસી આવતી હતી. જાણે સુવર્ણપુરીના અંતરીક્ષમાં તેઓની પરોક્ષ મંગલ ઉપસ્થિતિ જ મુમુક્ષુ ભક્તોને ગુરુભક્તિની સાતિશય ઉલ્લાસભરી પ્રેરણા આપતી હતી. શ્રી છગનલાલ કાલીદાસ વાધર પરિવાર, જામનગર દ્વારા આયોજિત આ પવિત્ર જન્મજયંતી–સમારોહમાં સર્વે મુમુક્ષુસમાજે તે કલ્યાણી મૂર્તિની ભક્તિપ્રેરણા ઝીલીને આ ૧૨૬મો ગુરુ–જન્મોત્સવ અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઊજવ્યો.

### ધર્મપ્રભાવનાપૂર્ણ આયોજન

ગુરુ–જન્મોત્સવની આ પવિત્ર વેળાએ ભારતના વિવિધ પ્રાંતોમાંથી તથા વિદેશમાંથી લગભગ ૪૫૦૦ થી અધિક ગુરુભક્તો આવ્યા હતા. જેઓ અહીંના આત્મહિતપોષક કાર્યક્રમોથી ખૂબ જ પ્રસન્ન દેખાતા હતા. પૂજ્ય ગુરુદેવ તથા તદ્ભક્ત પૂજ્ય ભગવતી માતા પ્રતિ સમર્પિત શ્રદ્ધાજીવનયુક્ત મુમુક્ષુઓ દ્વારા, આ ગુરુ–જન્મોત્સવ વસ્તુતઃ સર્વેને ધર્મપ્રભાવના વૃદ્ધિકારી તથા આનંદદાયી અનુભૂત થયો હતો.

### પૂજન મંડપમાં શ્રી ષોડશકારણ વિધાન પૂજનનું ભવ્ય આયોજન

પરમાગમ મંદિરની પૂર્વદિશામાં ભવ્ય મંડપની રચના કરી તથા સુંદર તેમજ કલાત્મક માંડલું તૈયાર કરી તેમાં ભાવી તીર્થાધિનાથ શ્રી સૂર્યકીર્તિ ભગવાનની અધ્યક્ષતામાં શ્રી ષોડશકારણ વિધાન પૂજા ભવ્ય રીતે કરવામાં આવી હતી. આ પૂજન વિધાનનો એકસાથે ૧૫૦૦ થી ૧૬૦૦ મુમુક્ષુઓએ ઉત્સાહથી લાભ લીધો હતો.

### ઉત્સવનો દૈનિક કાર્યક્રમ

આ મંગલ મહોત્સવમાં સ્વાધ્યાયમંદિર સંકુલમાં તેમજ સુવર્ણપુરીમાં ઘણી જગ્યાએ પૂજ્ય

ગુરુદેવશ્રીના વિશાળ ચિત્રપટો સહિત તેમના કલ્યાણકારી વચનો મૂકવામાં આવ્યા હતા. પ્રતિદિન ગુરુવચનોથી અંકિત ભવ્ય 'બેનર' તથા વિવિધ ભવ્ય સજાવટોથી વિભૂષિત મનોહર મંડપમાં ક્રમશઃ સવારે પૂજ્ય ગુરુદેવશ્રીનું માંગલિક તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા રાખવામાં આવી હતી. જિનેન્દ્ર અભિષેક બાદ પ્રભાતફેરીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ, સવારે પૂજન મંડપમાં શ્રી ષોડશકારણ વિધાન પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર ઉપર અધ્યાત્મ–રસપૂર્ણ સીડીપ્રવચન, પ્રાસંગિક–ગુરુભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ; બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર પ્રવચન, જિનેન્દ્રભક્તિ તથા સાંજીભક્તિ, શિક્ષણવર્ગ, રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર સીડી પ્રવચન, તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ.–આ પ્રક્રમ બરાબર નિયમિત સુચારુરૂપે ચાલતો હતો. આ મહોત્સવમાં મંડપ મોટો બાંધવામાં આવ્યો હતો છતાં વિધાન પૂજા, પ્રવચન તથા ભક્તિના પ્રત્યેક કાર્યક્રમમાં મુમુક્ષુઓની ઉપસ્થિતિથી જગ્યા પૂરી ભરાઈ જતી હતી.

## ભવ્ય રથોત્સવ તથા કહાનકુંવર–પારણાઝૂલન

વાર્ષિક ગુરુ–જન્મોત્સવના હર્ષોપલક્ષમાં તા. ૧૯-૪-૨૦૧૫ના દિવસે સાંજે 'ધાતકી–વિદેહના ભાવિ–તીર્થંકરદેવ'ના સમવસરણ–વિહારરૂપ ભવ્ય રથોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ભવ્ય રથની ગંધકૂટી પર બિરાજમાન ભાવિ–ભગવાનનો સમવસરણવિહાર સર્વે ભક્તોને અતિ આનંદપ્રદ અનુભૂત થતો હતો. રથમાં જિનેન્દ્ર ભગવાનને બિરાજમાન કરવાનો લાભ શ્રી મુકેશ જૈન, ઈન્દૌર, શ્રી જિનેન્દ્ર ભગવાનના રથના સારથી બનવાનો લાભ શ્રી ગુણવંતરાય ભાયાણી, સોનગઢને પ્રાપ્ત થયો હતો. રથયાત્રામાં વિભિન્ન અનેક ભવ્ય સજાવટ સાથે 'કહાનકુંવરના પારણાઝુલન' નો અતિ મનોહર ફ્લોટ બધાનું ગુરુભક્તિભીનું ચિત્ત પોતાની તરફ કેન્દ્રિત કરતો હતો. પારણાઝૂલનની બોલીનું સૌભાગ્ય શ્રી છગનલાલ કાલીદાસ વાધર પરિવાર, જામનગરને સંપ્રાપ્ત થયું હતું. આ મંગલ રથોત્સવની ભવ્યતા જોઈને ઈતર ગ્રામજનતા પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ મહિમાનું સ્મરણ કરતી હતી. બ્રહ્મચારિણી બહેનોએ મહિલા વિભાગમાં તથા ભજનમંડળીએ પુરુષ વિભાગમાં મધુરા સંગીત દ્વારા રથોત્સવનું વાતાવરણ ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું.

ઉત્સવના ચાર દિવસ વાધર પરિવાર તથા જામનગર મુમુક્ષુ મંડળ, બાંસવાડાની વિદ્યાર્થીઓનો દ્વારા, હૈદરાબાદ મુમુક્ષુમંડળ દ્વારા રોચક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. (૧) બાંસવાડાની વિદ્યાર્થીનીઓ દ્વારા કુંદકુંદાચાર્યદેવની દીક્ષાની રજા, ગુરુદેવશ્રીનું સંપ્રદાય પરિવર્તન, બહેનશ્રીનું હૃદય પરિવર્તન (૨) વાધર પરિવાર દ્વારા સીતાજીનો વૈરાગ્ય, (૩) જંબૂદ્વીપનો આકાશી શૉ (વિશ્રાંતિ ગૃહમાં) તથા (૪) વાધર પરિવાર દ્વારા ક્રમબદ્ધપર્યાય ઉપર સાંસ્કૃતિક કાર્યક્રમ અત્યંત ભાવવાહી અને ભવ્ય રીતે રજૂ કરવામાં આવ્યા હતા. આ સર્વે કાર્યક્રમો મુમુક્ષુ ભાઈ-બહેનોને ખૂબ જ પસંદ આવ્યા હતા. આ સમગ્ર ઉત્સવમાં પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપદેશમાં આવતા ક્રમબદ્ધપર્યાયના વિષય ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

## ગુરુ-જન્મોત્સવ : વૈશાખી બીજ
## સભામંડપની શોભા તથા બીજનો કાર્યક્રમ

ગુરુ-જન્મ જયંતીના વાર્ષિક મંગલ દિવસે, સવારમાં વહેલાં ૫-૩૦ વાગ્યે પૂજ્ય ગુરુદેવશ્રી ચાલતા મંડપમાં પધારતા હોય તેવું દૃશ્ય ભવ્ય રીતે ઈલેક્ટ્રોનિક પદ્ધતિથી રજૂ કરવામાં આવ્યું હતું. તે ઘણું જ આકર્ષક

લાગતું હતું. મંડપમાં પધારી પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા માંગલિક સંભળાવવામાં આવ્યું ત્યારબાદ પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા અને શ્રીફળ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ વધામણી કરવામાં આવી. ત્યારબાદ શ્રી ષોડશકારણ વિધાન પૂજા સમાપન, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન તેમજ પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ વધાઈનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પૂજ્ય બહેનશ્રીની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના વધામણાંનું દૃશ્ય દર્શાવવામાં આવ્યું હતું ત્યારબાદ, વાધર પરિવારના સભ્યો તથા અન્ય મુમુક્ષુઓએ ભક્તિ ઉલ્લાસ સહિત પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ વધામણા કર્યા. આ ઉત્સવમાં વિવિધ દિવસોએ પૂજ્ય ગુરુદેવશ્રીનું જીવન દર્શાવતા વિવિધ પ્રકારના ચિત્રપટોથી સ્ટેજ શણગારવામાં આવતું હતું. વધાઈ વખતે ભક્તોનો ઉત્સાહ સમાતો નહોતો. આબાલ-વૃદ્ધ સર્વે ભક્તિથી નૃત્ય કરી રહ્યા હતા. આ પ્રસંગે વધાવવાનો લાભ લેનાર મુમુક્ષુને પૂજ્ય ગુરુદેવશ્રીનો મુખ્ય સંદેશો આપતી પ્રતિકૃતિ પ્રતિક તરીકે આપવામાં આવી હતી.

આ મંગલ અવસર પર સર્વશ્રી બ્ર. વજુભાઈ(વઢવાણ) ઉપસ્થિત હતા. બપોરના શાસ્ત્ર પ્રવચન શ્રી નિરંજનભાઈ ડેલીવાળા–સુરત, શ્રી અતુલભાઈ કામદાર–હૈદરાબાદ, શ્રી નીતિનભાઈ શેઠ–વાંકાનેર, શ્રી રાજુભાઈ કામદાર–રાજકોટ, તથા શ્રી રમેશભાઈ મહેતા–સોનગઢ દ્વારા ગુરુભક્તિપૂર્ણ કર્યા હતા. તથા ધાર્મિક શિક્ષણવર્ગમાં ડૉ. પ્રવીણભાઈ દોશી-રાજકોટ, શ્રી સુભાષભાઈ શેઠ–વાંકાનેર તથા શ્રી રમેશભાઈ મહેતા–સોનગઢે ઉત્તમ વર્ગમાં તથા મધ્યમવર્ગમાં શ્રી રાજુભાઈ કામદાર–રાજકોટ, શ્રી નીતિનભાઈ શેઠ–વાંકાનેર અને શ્રી અતુલભાઈ કામદાર–હૈદરાબાદ દ્વારા અધ્યાપનકાર્ય ગુરુમહિમાપૂર્ણ સુંદર શૈલીથી કરવામાં આવ્યું હતું.

## ઉત્સવના વિશેષ કાર્યક્રમ

(૧) તા. ૧૬-૪-૧૫ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીના સમગ્ર જીવનની ઝાંખી કરાવતાં 'આર્ટ ગેલેરી' નું ઉદ્‌ઘાટન માતુશ્રી વિજયાબેન તથા પૂજ્ય બાપુજી ત્ર્યંબકભાઈ દ્વારા કરવામાં આવેલ. તે નિહાળવાનો લાભ ઉત્સવમાં આવેલ સર્વે મુમુક્ષુઓ લીધો હતો.

(૨) તા. ૧૭-૪-૧૫ના રોજ ગુરુદેવશ્રીના પ્રવચન પછી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા તૈયાર કરાયેલ 'જૈન પૌરાણિક લઘુકથા ભાગ-૩'(ગુજરાતી તથા હિન્દી)નું વિમોચન બ્ર. શ્રી વજુભાઈ તથા ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ મંગલ પ્રસંગે બંને પુસ્તકોના સ્થાયી પ્રકાશન પુરસ્કર્તાઓ તથા અન્ય મુમુક્ષુઓ ઉપસ્થિત હતા.

(૩) તા. ૧૮-૪-૧૫ના રોજ રાત્રે (વિશ્રાંતિ ગૃહમાં) પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન પછી વાધર પરિવાર દ્વારા અત્યંત જહેમત લઈ તૈયાર કરવામાં આવેલ જંબૂદ્વીપ વિષેનો આકાશી શૉ રજૂ કરવામાં આવ્યો હતો.

(૪) તા. ૧૯-૪-૨૦૧૫ના રોજ આ ઉત્સવમાં જેની પ્રધાનતા હતી તે ક્રમબદ્ધપર્યાય વિષે શ્રી વાધર પરિવાર દ્વારા ઘણી મહેનતથી તૈયાર કરવામાં આવેલ એક પુસ્તક તથા સીડીનું વિમોચન કરવામાં આવ્યું હતું તથા તે પુસ્તક ઉત્સવમાં આવેલ મુમુક્ષુઓને ભેટ આપવામાં આવ્યું હતું.

**સ્થાયી મંડલવિધાન પૂજા** : આ મંગળ અવસર પર સ્થાયી મંડલવિધાનપૂજા ૧૯૬ મહાનુભાવો તરફથી તથા પ્રાસંગિક મંડલવિધાનપૂજા ૨ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

કહાનગુરુ જન્મોત્સવના આ ઉત્સવને ભવ્ય રીતે ઉજવવા માટે વાધર પરિવારના શ્રી બિપિનભાઈ તથા શ્રી અશોકભાઈ તેમજ યુવાન સભ્યોએ ઘણી જ જહેમત ઉઠાવી હતી તેમજ કાર્યક્રમમાં આવેલ મહેમાનો માટે

આવાસ તેમજ ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્રણ જગ્યાએ મુમુક્ષુઓને અનુકૂળ આવે તે રીતે જમવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. તથા સ્થાયી જમણ ૧૬ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

આ મંગળ અવસર પર સંસ્થાને નીચે પ્રમાણે કુલ રૂા. ૧૫,૧૮,૭૯૨=૦૦ની ઉપજ થઈ હતી—

| | | |
|---|---|---|
| ૧. | ૧૨૬ના અંકમાં ૧૨૬ × ૨૭૯૦ | ૩,૫૧,૫૪૦=૦૦ |
| ૨ | પ્રાસંગિક વિધાનપૂજા ૧૦૦૦ × ૨ | ૨,૦૦૦=૦૦ |
| ૩. | રથયાત્રામાં બોલી | ૭,૮૩,૦૦૯=૦૦ |
| ૪. | રૂા. ૫૦૦ની વધાઈ ૫૦૦ × ૫૨૫ | ૨,૬૨,૫૦૦=૦૦ |
| ૫. | જિનેન્દ્ર-આરતી | ૪,૩૯૩=૦૦ |
| ૬. | રથયાત્રા, પારણાઝુલન તથા જન્મવધાઈ સ્ટેજ પર | ૧,૧૫,૩૫૦=૦૦ |
| | કુલ રૂા. | ૧૫,૧૮,૭૯૨=૦૦ |

આ મંગલ પ્રસંગમાં સ્વામિવાત્સલ્યની વ્યવસ્થા સમિતિમાં શ્રી રાજાભાઈ તથા બોટાદ મુમુક્ષુ મંડળ દ્વારા ખૂબ સુંદર રીતે કરવામાં આવી હતી. આ ઉત્સવનો સમગ્ર ખર્ચ ઘણા જ ભક્તિભાવ સહિત શ્રી છગનલાલ કાલીદસ વાધર પરિવારે આપ્યો હતો.

❊ ❊ ❊

## નીચે મુજબના શાસ્ત્રો વેચાણ માટે ઉપલબ્ધ છે.

(૧) સમાધિતંત્ર (ગુજરાતી)
(૨) હું પરમાત્મા (ગુજરાતી)
(પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન)
(૩) હરિવંશપુરાણ (ગુજરાતી)
(૪) વૈરાગ્ય ભાવના (ગુજરાતી)
(કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પ્રવચન)
(૫) પ્રતિક્રમણ (ગુજરાતી)
(૬) બહેનશ્રીના વચનામૃત (ગુજરાતી)
(૭) શાસ્ત્ર સ્વાધ્યાય (ગુજરાતી)
(૮) સમ્યગ્જ્ઞાનદીપિકા (ગુજરાતી)
(૯) જૈન પૌરાણિક લઘુકથા ભાગ-૩ (ગુજરાતી)
(૧૦) જૈન પૌરાણિક લઘુકથા ભાગ-૩ (હિંદી)
(૧૧) મુક્તિકા માર્ગ (હિંદી)
(૧૨) વસ્તુવિજ્ઞાનસાર (હિંદી)

**નિયમસાર (હિન્દી)** પ્રિન્ટીંગમાં છે જો તેની વધુ નકલ જોઈતી હોય તો ઓર્ડર બુક કરાવવા વિનંતી છે.

(અનુસંધાન પેજ નં. ૨૩ થી ચાલુ)

(૩) આત્માનુભવ ક્યા ગુણસ્થાનથી શરૂ થાય છે?
(૪) મુમુક્ષુ માટે સારું અને હિતકર શું છે?

**પ્રશ્ન-૪ નીચે આપેલ કોઈપણ એક વિષય ઉપર નિબંધ લખો. ૧૦**

(૧) છદ્મસ્થને સ્વાનુભવદશા વખતે જ્ઞાન પરોક્ષ છે કે પ્રત્યક્ષ છે? ચર્ચા કરો.
(૨) સવિકલ્પ દ્વાર વડે નિર્વિકલ્પ પરિણામ થવાની રીત બતાવો.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પંચાધ્યાયી) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | પુરુષાર્થસિદ્ધિ-ઉપાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |

### : પ્રવચનકાર મોકલવાની યોજના :

(૧) જે મુમુક્ષુ મંડળને પર્યુષણ પર્વ ઉપર સોનગઢ ટ્રસ્ટ તરફથી પ્રવચનકાર બોલાવવાની ઈચ્છા હોય તે પોતાની અરજી ૧૫ દિવસમાં ટ્રસ્ટને લેખિત મોકલે જેથી વહેલાસર આયોજન કરી શકાય.

(૨) સારા ભારતવર્ષમાં તથા વિદેશોમાં પર્યુષણ છોડીને દિવસોમાં જે મંડળોને આધ્યાત્મિક શિક્ષણ શિબિર લગાવવાની તથા અષ્ટાહ્નિકામાં બોલાવવાની ભાવના હોય તે આયોજન માટે પ્રવચનકાર કમિટી સભ્યનો સંપર્ક કરી શકે છે.

| | |
|---|---|
| (૧) શ્રી જિતેન્દ્રભાઈ વી. શાહ | મો. ૦૯૩૨૨૨૯૫૪૧૭ |
| (૨) શ્રી રાજુભાઈ કામદાર | મો. ૦૯૪૨૬૯૦૭૪૪૦ |
| (૩) શ્રી અનુભાઈ શાહ (જલગાંવવાળા) | મો. ૦૮૨૭૫૮૦૫૨૩૭ |

હિન્દી તથા ગુજરાતી પ્રવચનકાર ઉપલબ્ધ છે.

પ્રમુખ—હસમુખલાલ પોપટલાલ વોરા
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ (જિ. ભાવનગર)

## વૈરાગ્ય સમાચાર :–

ગોંડલનિવાસી (હાલ રાજકોટ) શ્રી હરિલાલ અમૃતલાલ દોશીનું (ઉ.વ. ૮૭) તા. ૨૬-૧૦-૨૦૧૪ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

રાજકોટનિવાસી શ્રી પ્રકાશભાઈ વિનયકાંત લાખાણીનું (ઉ.વ. ૬૭) તા. ૨૬-૧૧-૨૦૧૪ના દેહ પરિવર્તન થયેલ છે.

સુરેન્દ્રનગરનિવાસી રૂપલબેન કમલેશ કોઠારીનું તા. ૨૩-૧૨-૨૦૧૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના ચાલુ પ્રવચનમાં વધુ ખુલાસો કરાવનાર ઉદેપુરનિવાસી સ્વ. દેવીલાલજી મહેતાના ધર્મપત્ની તેજબેન દેવીલાલજી મહેતા (ઉ.વ. ૮૮) તા. ૪-૧-૨૦૧૫ના રોજ ટૂંકી બિમારીથી અવસાન થયેલ છે. તેઓએ ઘણા વર્ષો સુધી સોનગઢ રહી લાભ લીધો હતો.

ગોડરકાનિવાસી (હાલ-બોટાદ) અરવિંદભાઈ મનસુખલાલ શાહ(તેઓ બા.બ્ર. વજુભાઈ સાહેબના ભાણેજ)નું (ઉ.વ. ૭૪) તા. ૫-૧-૨૦૧૫ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

સુરેન્દ્રનગરનિવાસી (હાલ બોરીવલી) વિમળાબેન રમણિકલાલ દેસાઈ (ઉ.વ. ૯૦) તા. ૧૭-૧-૨૦૧૫ના સ્વર્ગવાસ પામેલ છે.

વિંછીયાનિવાસી મનસુખલાલ ત્રિભોવનદાસ મધીયા (ઉ.વ. ૮૬) તા. ૨૧-૧-૨૧૦૫ના સ્વર્ગવાસ પામેલ છે.

સુરેન્દ્રનગરનિવાસી લીલાબેન નગીનદાસ શાહ તા. ૨૫-૧-૨૦૧૫ના રોજ દેહ પરિવર્તન કરેલ છે.

સાબલીનિવાસી (હાલ ભાયંદર) શ્રી જયંતીલાલ નાથાલાલ શાહ (ઉ.વ. ૭૬) તા. ૫-૨-૨૦૧૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

વાંકાનેરનિવાસી (હાલ બેંગલોર) દયાબેન હેમંતલાલ શેઠ (ઉ.વ. ૯૪) તા. ૧૧-૦૨-૨૦૧૫ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

અમદાવાદનિવાસી અરવિંદલાલ હરિલાલ શાહ (ઉ.વ. ૭૯) તા. ૨૮-૨-૨૦૧૫ના રોજ દેહ પરિવર્તન કરેલ છે.

અમદાવાદનિવાસી શ્રી મયાભાઈ જેશીંગભાઈ શાહ (ઉ.વ. ૯૫) તેઓ તા. ૨-૩-૨૦૧૫ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેઓ ઘણા વર્ષોથી પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીના પરિચયમાં આવેલ હતા. તેમને શાસ્ત્રની ઘણી ગાથાઓ કંઠસ્થ હતી.

સુરેન્દ્રનગરનિવાસી શ્રી પ્રવીણચંદ્ર જયંતીલાલ શાહના ધર્મપત્ની શ્રીમતી શોભનાબેન (ઉ.વ. ૭૯) તા. ૪-૩-૨૦૧૫ના રોજ દેહપરિવર્તન કરેલ છે.

મુંબઈ ઘાટકોપરનિવાસી શ્રી અનિલભાઈ બાબુભાઈ શાહ (ઉ.વ. ૭૯) તા. ૫-૩-૨૦૧૫ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેમને બાહુબલી મુનિરાજની પ્રતિષ્ઠાની ઘણી ભાવના હતી. તેઓ સાહિત્ય પ્રકાશન કમિટીના સભ્ય પણ હતા.

અમદાવાદનિવાસી શ્રી યોગેશભાઈ દામોદરદાસ મોદીનું (ઉ.વ. ૫૮) (તે બ્ર. તરુબેન તથા બ્ર.

નીલાબેનના ભાઈ) તા. ૭-૩-૨૦૧૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ દરેક પ્રસંગે સોનગઢ આવી ઉત્સાહથી દરેક કાર્યક્રમમાં ભાગ લેતા હતા.

સુરેન્દ્રનગરનિવાસી શ્રી મહેન્દ્રભાઈ સુંદરજી વારિયા (મૂળ જામનગર)નું તા. ૨૦-૩-૨૦૧૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓએ સોનગઢ રહી ઘણો લાભ લીધો હતો.

રાજકોટનિવાસી શ્રી ભગવાનજીભાઈ અરજણભાઈ પટેલ (ઉ.વ. ૬૭) તા. ૨૬-૩-૨૦૧૫ના રોજ દેહપરિવર્તન કરેલ છે.

રાજકોટનિવાસી સ્વ. વિનયકાંત હીરાચંદ લાખાણીના ધર્મપત્ની ચંપાબેનનો (ઉ.વ. ૮૫) તા. ૧-૪-૨૦૧૫ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

જામનગરનિવાસી શ્રી મહેશચંદ્ર દોલતરાય મહેતા(ઉ.વ. ૭૬)નું તા. ૩-૪-૨૦૧૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

---

### ✻ પૂજ્ય બહેનશ્રીની પંચાહ્નિક ઉપકાર-સ્મૃતિ :

ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની છવ્વીસમી સાંવત્સરિક ઉપકાર-સ્મૃતિતિથિ (સમાધિતિથિ), તા. ૩-૫-૨૦૧૫ રવિવારથી તા. ૭-૫-૨૦૧૫ ગુરુવાર (વૈશાખ વદ ૩) સુધી—પાંચ દિવસ, સુવર્ણપુરીમાં શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાનપૂજા તથા તેઓના જ્ઞાન, વૈરાગ્ય, સ્વરૂપસાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તથા સ્વાનુભૂતિમાર્ગ-પ્રકાશનરૂપ અનેક અપાર ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનના ઉદાસીભર્યા વાતાવરણમાં વિવિધ જ્ઞાનોપાસનાપૂર્વક સાદગીથી મનાવવામાં આવશે.

### ✻ સમવસરણ મંદિરનો ૭૪મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ :

વૈશાખ વદ ૬, શનિવાર, તા. ૯-૫-૨૦૧૫ના રોજ સોનગઢના સમવસરણ મંદિરનો ૭૪મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ સાથે મનાવવામાં આવશે.

### ✻ સ્વાધ્યાય-મંદિરના ઉદ્‌ઘાટનનો તેમ જ તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો ૭૮મો વાર્ષિક દિવસ :

તા. ૧૧-૫-૨૦૧૫, વૈશાખ વદ ૮, સોમવારના દિવસે સોનગઢના સ્વાધ્યાય-મંદિરના ઉદ્‌ઘાટનનો તેમ જ તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો ૭૮મો વાર્ષિક દિવસ પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

### ✻ શ્રુતપંચમી પર્વ ✻

જેઠ સુદ ૫ તા. ૨૨-૫-૨૦૧૫ને શુક્રવારના દિવસે શ્રુતપંચમી પર્વ શ્રી ષટ્‌ખંડાગમ જિનવાણીની પૂજા-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

## (૨૪)

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(૪૬૧) આચાર્ય કુંદકુંદસ્વામીને જન્મ આપનાર તેમના માતાનું નામ ............. હતું.

(૪૬૨) ૨૪ તીર્થંકરોમાંથી 'અ'થી શરૂ થતા (૧) ................. (૨) ................ (૩) .................... (૪) ................ (૫) .....................

(૪૬૩) .............. ના શીલના પ્રભાવથી અગ્નિકુંડ જલકુંડમાં ફેરવાઈ ગયો હતો.

(૪૬૪) જે સર્વજ્ઞ છે અને ઉપદેશ આપે છે તે જીવ ............... ગુણસ્થાને હોય છે.

(૪૬૫) ૨૪ તીર્થંકર ભગવાનના નામના સાથે 'ભ' આવતા ભગવાન (૧) ............ (૨) ................ (૩).............. (૪).............. (૫) .............. છે

(૪૬૬) આ દુનિયા ઈશ્વરે બનાવી છે એમ માનનાર જીવ .............. ગુણસ્થાને હોય છે.

(૪૬૭) જેને ચારિત્રમોહ પણ નથી અને સર્વજ્ઞ પણ નથી તે જીવ ................. ગુણસ્થાને હોય છે.

(૪૬૮) અરૂપી વસ્તુઓ પણ જ્ઞાનમાં જણાય છે કેમકે તેમનામાં .............. ગુણ છે.

(૪૬૯) આત્માની અજ્ઞાનદશા ટાળીને જ્ઞાનદશા પ્રગટ કરી શકાય છે કેમકે તેનામાં .................. ગુણ છે.

(૪૭૦) આત્મા બધા પદાર્થોને જાણી શકે છે કારણ કે આત્મામાં .............. ગુણ છે.

(૪૭૧) શરીરમાં સુખ-દુઃખ થતા નથી કેમકે તે ............... છે.

(૪૭૨) લોકાકાશની હદ બતાવનારા .............. અને ............... દ્રવ્યો છે.

(૪૭૩) સાંવ્યાહારિક પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે ભેદ .............. જ્ઞાનના છે.

(૪૭૪) ચૌદ પરિગ્રહમાં સૌથી પહેલો નંબર ................... નો આવે છે.

(૪૭૫) ણમોકાર મંત્રના અપમાનના ફળમાં ................. નરકમાં ગયા હતા.

(૪૭૬) ક્રિયાવતી શક્તિ .............. અને .............. દ્રવ્યમાં હોય છે.

(૪૭૭) ભગવાન આદિનાથના સમવસરણમાં મુખ્ય શ્રોતા .................. હતા.

(૪૭૮) ભોગભૂમિના જીવને .................. સંહનન હોય છે.

(૪૭૯) અઢીદ્વીપમાં કુલ ................... કર્મભૂમિઓ હોય છે.

(૪૮૦) ભારતમાં સૌથી વધુ તીર્થસ્થળ ................... પ્રાંતમાં છે.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્ન એપ્રિલ-૨૦૧૫ના ઉત્તર

(૪૪૧) વિકારી – રાગાદિક
(૪૪૨) ટાળવાથી
(૪૪૩) પોતાના શુદ્ધ
(૪૪૪) સર્વ
(૪૪૫) શુદ્ધ
(૪૪૬) આત્મ
(૪૪૭) આસ્રવ લક્ષણ
(૪૪૮) અજ્ઞાની સંસારી
(૪૪૯) સમ્યક્‌દર્શનમાં
(૪૫૦) સમ્યક્‌દર્શન
(૪૫૧) સમ્યક્‌દર્શન – મુનિપણું
(૪૫૨) અંતરાય
(૪૫૩) પ્રકૃતિ
(૪૫૪) નિઃશંકિત
(૪૫૫) ૧૩
(૪૫૬) ૪
(૪૫૭) કાલાણુ
(૪૫૮) કૃષ્ણ નીલ કાપોત
(૪૫૯) ચારે
(૪૬૦) ક્ષાયિક

ભૂલ સુધાર

પ્રૌઢ વ્યક્તિઓના પ્રશ્નોત્તર માર્ચ મહિનાના પ્રશ્ન નં. ૪૩૮નો સાચો જવાબ ૬૮ વાંચવો

## (૨૪)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ પ્રશ્નના જવાબ અંકમાં લખવાના છે.

(૪૬૧) જંબૂદ્વીપનો વિસ્તાર .................. યોજન છે.

(૪૬૨) સિદ્ધશિલા .................. લાખ યોજન વિસ્તારવાળી છે.

(૪૬૩) ત્રણ લોકના અકૃત્રિમ જિનાલય ............................. છે.

(૪૬૪) નંદીશ્વર દ્વીપના બાવન જિનમંદિરમાં કુલ ................. પ્રતિમાઓ છે.

(૪૬૫) સાતમી નરકના ................. પટલ છે.

(૪૬૬) ગણધરદેવને .................. ઋદ્ધિ હોય છે.

(૪૬૭) તીર્થંકર ભગવાનના જન્મના ................ અતિશય હોય છે.

(૪૬૮) નિગોદના જીવ .................. સ્થાનમાં ઊપજતા નથી.

(૪૬૯) અધોલોકના અકૃત્રિમ ચૈત્યાલય ..................... છે.

(૪૭૦) રુચિક દ્વીપ ............... મો દ્વીપ છે.

(૪૭૧) સ્વયંભૂરમણ સમુદ્રમાં રહેલ મગરમચ્છની લંબાઈ ................ યોજનની હોય છે.

(૪૭૨) બુદ્ધિ ઋદ્ધિના .................. પ્રકાર છે.

(૪૭૩) છ મહિના ને આઠ સમયમાં ....................... જીવ સિદ્ધગતિને પ્રાપ્ત કરે છે.

(૪૭૪) આઠ કર્મની કુલ .................. પ્રકૃતિઓ હોય છે.

(૪૭૫) અઢી દ્વીપમાં કુલ ................... નક્ષત્ર છે.

(૪૭૬) ભાવલિંગી મુનિની અધિકતમ સંખ્યા અત્યારે વિદેહક્ષેત્રમાં ............... હોય છે.

(૪૭૭) જીવના પાંચ ભાવોના કુલ .................... ભેદ છે.

(૪૭૮) તીર્થંકર ભગવાનનું સમવસરણ પૃથ્વીથી .................... ધનુષ ઉંચું હોય છે.

(૪૭૯) એક કાળચક્ર ............. સાગરનું હોય છે.

(૪૮૦) આસાદાન દોષ ............... પ્રકારનો હોય છે.

# બાળકો માટેના આપેલ પ્રશ્ન એપ્રિલ–૨૦૧૫ના ઉત્તર

(૪૪૧) ઉમરાળા
(૪૪૨) મોતીચંદભાઈ
(૪૪૩) પાલેજ
(૪૪૪) ચૈત્ર સુદ - ૧૩
(૪૪૫) ભગત
(૪૪૬) અનંત
(૪૪૭) શ્રુતની લબ્ધિ
(૪૪૮) નિકટભવી
(૪૪૯) ચોથા
(૪૫૦) અધ્યાત્મયુગસ્રષ્ટા
(૪૫૧) શિવરમણી રમનાર તું
(૪૫૨) સીમંધર
(૪૫૩) જૈન
(૪૫૪) સાદિ અનંત
(૪૫૫) સાદિ સાંત
(૪૫૬) આચાર્યદેવ
(૪૫૭) ઉપાધ્યાય
(૪૫૮) પ્રદેશત્વ
(૪૫૯) મોક્ષ
(૪૬૦) પ્રમેયત્વ

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

✻ શુદ્ધ પારિણામિકભાવ એવા ત્રિકાળી સહજાનંદ પ્રભુને અવલંબનારો જે ભાવના—ત્રિકાળી નિજાનંદ પ્રભુ તે ભાવ છે અને તેના લક્ષે—તેના અવલંબે જે નિશ્ચય મોક્ષનો માર્ગ પ્રગટે છે તે ભાવના છે. એવી ભાવનારૂપ ઉપશમ ક્ષયોપશમ કે ક્ષાયિક ભાવો સમસ્ત રાગાદિ રહિત છે. ઉપશમાદિ ભાવો સમસ્ત રાગાદિ રહિત છે. એટલે કે કોઈ પણ રાગનો અંશ મોક્ષમાર્ગ હોઈ શરે નહીં. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે મોક્ષમો માર્ગ ન હોય, તે ઉદયભાવ છે તેથી બંધભાવ છે અને જે આ ઉપશમાદિ ભાવો છે તેઓ સમસ્ત રાગાદિ રહિત હોવાથી મોક્ષમાર્ગ છે—મોક્ષના કારણ છે. ૧૧૬.

✻ જે શક્તિરૂપ મોક્ષ છે તે તો ત્રિકાળ સ્વભાવભાવ છે. તે મોક્ષ કરવો છે કે તે મોક્ષથયો છે તેમ નથી. પણ એ શક્તિરૂપ મોક્ષનો આશ્રય કરીને જે પર્યાય થાય તે વ્યક્તિરૂપ મોક્ષ છે. તે વ્યક્તિરૂપ મોક્ષ મોક્ષમાર્ગની પર્યાયથી પ્રાપ્ત થયો છે. પણ દ્રવ્યથી પ્રાપ્ત થતો નથી. પર્યાય છે તે મોક્ષ પ્રગટ કરે છે. ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય મોક્ષને પ્રગટ કરતું નથી. કે જડકર્મ મોક્ષને પ્રગટ કરતું નથી. આ પણ ખરેખર તો શુદ્ધ-ઉપાદાનકારણભૂત હોવાથી મોક્ષનું કારણ કહ્યું, પણ તે અપેક્ષિત છે. બાકી તો મોક્ષનો માર્ગ વ્યય થઈને મોક્ષની પર્યાય થાય. ૧૧૭.

✻ અનંત શક્તિનો સમ્રાટ એવો જે ભગવાન આત્મા તે સમ્યગ્દર્શનનું ધ્યેય છે. પણ સમ્યગ્દર્શનરૂપ ધ્યાન તેમાં નથી. સમ્યગ્દર્શન ધ્યાન છે ને ત્રિકાળી વસ્તુ ધ્યેય છે. એમ સ્વસંવેદનજ્ઞાન—શાસ્ત્રજ્ઞાન નહીં, પરલક્ષી જ્ઞાન નહીં તે ધ્યાનરૂપ છે અને નિજાનંદ પ્રભુ ધ્યેયરૂપ છે તે ધ્યાનરૂપ નથી. કારણ કે ધ્યાન વિનશ્વર છે, કેમકે નિશ્ચય મોક્ષમાર્ગ છે તે પર્યાય છે ને મોક્ષ થતા મોક્ષમાર્ગની પર્યાય નાશ થઈ જાય છે—વ્યય થઈ જાય છે. શુદ્ધ પારિણામિકભાવ તો અવિનાશી છે. કોઈ પરિણમન થવું કે પરિણમનનો અભાવ થવો એવું તેમાં નથી. ૧૧૮.

✻ સમ્યગ્દર્શનમાં ક્ષયોપશમજ્ઞાન છે તે કેવું છે—કે નિર્વિકાર—સ્વસંવેદન લક્ષણવાળું છે, એમ કહીને એમાં કહે છે કે, શાસ્ત્રજ્ઞાન છે તે કાર્ય નહીં કરે પણ નિર્વિકારી સ્વસંવેદનજ્ઞાન છે તે કાર્ય કરે છે. તેને અહીં ક્ષયોપશમ કહે છે. સમ્યગ્દર્શન થતાં જે જ્ઞાન છે તે ક્ષયોપશમજ્ઞાન છે, ભલે ક્ષાયિક સમ્યગ્દર્શન હો પણ જ્ઞાન તો ક્ષાયોપશમજ્ઞાન છે. ૧૧૯

Posted at Songadh PO
Publish on 1-05-2015
Posted on 1-05-2015

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org